

# પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત

કહાન સંવત-૪ [ ૪૮૭ ] * આત્મધર્મ * [ અંક-૧૧ વર્ષ-૪૦ ] મે ૧૯૮૪

ગુરુ-જન્મજયંતીના સંદર્ભમાં

ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના

# ગુરુ-ભક્તિભાવભીના મંગલ હૃદયોદ્‌ગાર

સંકલિત

ગુરુદેવની બીજ (જન્મજયંતી, વૈશાખ સુદ બીજ) આવે છે. ગુરુદેવ બિરાજતા હતા ત્યારની વાત તો કોઈ જુદી જ હતી. ગુરુદેવને લઈને આખું ભરતક્ષેત્ર શોભાયમાન હતું. આવે છે ને—હે ભગવાન! આપ જે નગરીમાં પધાર્યા તે નગરીની શોભા સ્વર્ગથી પણ અધિક લાગતી હતી. ને જ્યારે આપ દીક્ષા લઈને વનમાં ચાલ્યા ગયા ત્યારે તે નગરી સાવ સુની થઈ ગઈ હતી; તેમ ગુરુદેવ—તીર્થંકર જેવા ધર્મપુરુષ—બિરાજતા હતા ત્યારે આ ભરતક્ષેત્રની શોભા જુદી જ લાગતી.

અહીં (સુવર્ણપુરીમાં) ગુરુદેવ બિરાજતા હતા અને નિરંતર તેમની ચૈતન્યરસઝરતી અમૃતવાણી વરસતી હતી. ધન્ય એવી આ નગરી! ધન્ય તે કાળ! ગુરુદેવ પરમપુરુષ હતા, મહા શક્તિશાળી હતા. ભરતક્ષેત્રમાં આ કાળે ગુરુદેવની વાણી સર્વોત્કૃષ્ટ અતિશયતાવાળી હતી; પંચમકાળમાં ભરતના જીવોના ચૈતન્યને જગાડનારી હતી. ગુરુદેવ જગતથી જુદા જ પડે—એમની મુદ્રા ય જુદી પડે અને વાણી ય જુદી પડે. એમની મુદ્રા જોતાં માણસો 'આ તો ધર્મપુરુષ છે' એમ છક થઈ જતા; અહો! આ તો ચૈતન્યની અતિશયતા બતાવનારી મુદ્રા! તેઓ તો ચૈતન્યરત્નને ઓળખાવનાર પરમ પુરુષ હતા. વ્યાખ્યાન વાંચતા હોય ત્યારે જુદા જ લાગે. તેમનાં ચરણોથી ભરતક્ષેત્ર શોભતું હતું. તેઓ ચૈતન્યદેવનો માર્ગ બતાવતા હતા. 'ચૈતન્યને ઓળખો...ઓળખો!' એવી ગર્જના કરતા; 'જ્ઞાયક-દેવ, ભગવાન આત્મા...ભગવાન આત્મા'નો પોકાર કરતા; બધાને 'ભગવાન' કહીને બોલાવતા. પોતે તો ભગવાનસ્વરૂપે હતા—અલ્પ કાળમાં ભગવાન થઈ જવાના. ગુરુદેવના ચૈતન્યની શોભાની તો શી વાત! એમનાં પુણ્યની પણ શોભા કોઈ જુદી! એવા, બાહ્ય-અંતર પુણ્ય ને પવિત્રતાની મૂર્તિ હતા. ભરતક્ષેત્રનાં ભાગ્ય કે ગુરુદેવ અહીં જન્મ્યા.

ગુરુદેવે ચૈતન્યનો ડંકો વગાડી આખા ભારતને હલમલાવી દીધું, મુમુક્ષુઓનાં કાળજાં હલમલાવી તેમને અન્તર્દૃષ્ટિ કરવા પ્રેર્યા. ગુરુદેવ કહેતા: 'અનંત શક્તિથી ભરપૂર જે આ આત્મા તેને જે ગ્રહણ કરે તેને શુદ્ધિ અને શુદ્ધિની વૃદ્ધિ પ્રગટ થયા વિના રહે જ નહિ.' એક શુદ્ધાત્માને ગ્રહણ કર. ગુરુદેવ જેવા 'ગુરુ' મળ્યા અને ભગવાન જ્ઞાયકદેવ આંગણે પધાર્યા, પછી તો શુદ્ધ પર્યાય

[વધુ માટે જુઓ પેજ નં. ૫૨]

# પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનામૃત

[સ્વાનુભૂતિમાર્ગ પ્રકાશક, ગંભીર, સૂક્ષ્મ તેમ જ ઉલ્લાસપૂર્ણ હૃદયોદ્‌ગાર]

[અમ જીવન આધાર, જીવનશિલ્પ હે વહાલા ધર્મપિતા ! અમ ભક્તોના આત્મોદ્ધાર માટે, આપના કરુણાસાગર હૃદયમાંથી નિરંતર પ્રવાહીત થતાં રહેલાં આત્મસ્પર્શી, ચૈતન્યની મસ્તી ભર્યા, અત્યંત દુર્લભ એવી સ્વાનુભૂતિનો માર્ગ અત્યંત સ્પષ્ટ પ્રકાશનારા ગંભીર, સૂક્ષ્મ તેમ જ ઉલ્લાસપૂર્ણ હૃદયોદ્‌ગાર અમારા હૃદયમાં સ્થાપીને, કલ્યાણવર્ષિણી આ ૯૫ મી જન્મજયંતીના માંગલિક દિને, આપશ્રીની માંગલિક પવિત્રતા, પુરુષાર્થ પ્રેરક ધ્યેયનિષ્ટ જીવન, સ્વાનુભૂતિમૂલક સન્માર્ગદર્શક ઉપદેશ અને અનેકાનેક ઉપકારોના સતત સ્મરણ વડે આપશ્રીને અત્યંત શ્રદ્ધાભક્તિથી શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ.]

* સર્વ જીવો પૂર્ણાનંદને પામો *

સર્વ જીવો સાધર્મી છે, કોઈ વિરોધી નથી. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દૃષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવ! ને સુખી થાવ. કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ. સમયસાર ગાથા–૩૮ના શ્લોકમાં અમૃતચંદ્રાચાર્ય કહે છે કે સર્વ જીવો આત્મામાં મગ્ન થાવ ! આહાહા ! જુઓ જ્ઞાનીની ભાવના! પોતે પૂર્ણાનંદ સ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે એટલે સર્વ જીવો પણ પૂર્ણાનંદ સ્વરૂપમાં મગ્ન થઈ સુખાનુભવ કરો એમ કહે છે. ૧.

—પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ આશીર્વચન

*

શ્રોતાઓમાં પણ અમે અનંતા સિદ્ધો સ્થાપીયે છીએ તેથી જ્યારે અમે સિદ્ધપણાને પામીશું ત્યારે શ્રોતાની ટોળી પણ સિદ્ધપણાને પામશે જ—એમ આચાર્યદેવ શ્રોતાને આશીર્વચન કહે છે. ૨.

*

આ સત્યને પ્રકાશમાં મૂકતાં અસત્યના આગ્રહવાળાને દુઃખ થાય, પણ ભાઈ! શું કરીએ? અમારો ઉદય એવો છે એથી સત્ય વાત બહાર મૂકવી પડે છે. એથી વિરુદ્ધ શ્રદ્ધાવાળાને દુઃખ થાય તો મને માફ કરજો ભાઈ! કોઈ જીવને દુઃખ થાય તે કેમ અનુમોદાય? મિથ્યા શ્રદ્ધાનાં દુઃખ ચાર ગતિના બહુ આકરાં છે, એ દુઃખની અનુમોદના કેમ થાય? અરે! દરેક જીવો ભગવાન સ્વરૂપ છે ને પૂર્ણાનંદરૂપે પરિણમીને ભગવાન થાઓ! કોઈ જીવ દુઃખી ન થાઓ! ૩.

*

સિદ્ધ છે તે જાણનાર-દેખનાર છે તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા પૂરાનો પ્રશ્ન જ નથી. જાણનાર-દેખનારથી જરીક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો એટલે સિદ્ધથી જુદો પડયો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડે તે મિથ્યાદષ્ટિ છે તે યથાર્થ વાત છે. ૪.

*

જુઓ એક વિચાર સવારે આવ્યો હતો. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, એની કેવળજ્ઞાન આદિ પાંચ પર્યાયો છે. કેવળજ્ઞાન પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, તેમ મતિજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે, પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. તેમ શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન પણ પોતાના ગુણના વ્યવસ્થિત કાર્યને જાણે છે અને પરના કાર્યને પણ વ્યવસ્થિત જાણે છે. વ્યવસ્થિત જાણવું એ જ એનો સ્વભાવ છે. આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એટલે એની પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે. આહાહા! જુઓ તો ખરા! વસ્તુ જ આમ છે. અંદરમાં તો ખૂબ ગંભીરતાથી ચાલતું હતું પણ કહેવામાં તો....૫.

*

તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે તેથી તું અલ્પજ્ઞપણે ને રાગપણે રહી શકશે નહીં, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ—એમ હે શ્રોતા! તું નિઃસંદેહ જાણ. ૬.

*

વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતા કે તું પરમાત્મા છો એમ નક્કી કર. ભગવાન! તમે પરમાત્મા છો એટલું તો અમને નક્કી કરવા દ્યો!–કે એ નક્કી ક્યારે થશે?–કે જ્યારે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચયનું નક્કી થયા વિના વ્યવહાર નક્કી થશે નહિ. ૭.

*

જેણે સર્વજ્ઞને પોતાની પર્યાયમાં પધરાવ્યા તેને હવે કાંઈ કરવાનું રહ્યું જ નહિ. જેમ સર્વજ્ઞ જાણનાર છે તેમ તેની સ્થાપના જેણે પોતામાં કરી છે તે પણ જે થાય તેનો માત્ર જાણનાર જ છે. ફેરફાર કરવાની વાત જ નથી. દ્રવ્ય સર્વજ્ઞ સ્વભાવ છે, એ સર્વજ્ઞને જેણે પોતાની પર્યાયમાં સ્થાપ્યા એને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો. બસ એ "જ્ઞ" સ્વભાવમાં વિશેષ ઠરતાં ઠરતાં પર્યાયમાં સર્વજ્ઞ થઈ જશે. બીજું કાંઈ કરવાનું રહ્યું જ નહિ. ૮.

*

શ્રી પદ્મનંદિ આચાર્ય બ્રહ્મચર્યનો મહિમા કરીને કહે છે કે અરે યુવાનો! તમને મારી વાત ન રુચે તો હું મુનિ છું તેમ જાણીને માફ કરજો....એમ આ તત્ત્વની પરમ સત્ય વાત અમે કહીએ છીએ, બંધનથી છૂટવાના કારણભૂત પરમ અધ્યાત્મ તત્ત્વની વાત કહીએ છીએ, છતાં કોઈને અનાદિના આગ્રહવશ ન રુચે તો અમને માફ કરજો. ભાઈ! અમે તો મોક્ષના માર્ગે છીએ એથી અમે બીજું શું કહીએ! તમને ન રુચે ને દુઃખ થાય તો માફ કરજો ભાઈ! ૯.

*

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ મહા પરમાત્માના અંતર્ સ્વરૂપે ભરેલો એવો પરમાત્મા જ હું છું અને જે હું છું તે જ પરમાત્મા છે. હું તે પરમાત્મા ને પરમાત્મા તે હું—આહાહા! એ કબૂલાત કેવા પુરુષાર્થમાં આવે! ૧૦.

*

અહો! બધા જીવો વીતરાગમૂર્તિ છે. જેવા છો તેવા થાવ. બીજાને મારવા એ તો ક્યાંય રહી ગયું. બીજાનો તિરસ્કાર કરવો એ પણ ક્યાંય રહી ગયું, પણ બધા જીવો સુખી થાવ; અમારી નિંદા કરીને પણ સુખી થાવ, અમે જેવા છીએ તેવા જાણીને પણ સુખી થાવ, ગમે તેમ પણ સુખી થાવ!...પ્રભુનો પ્રેમ તો લાવ ભાઈ! તારે પ્રભુ થવું છે ને! ૧૧.

*

આબાળ-ગોપાળ સૌ ખરેખર જાણનારને જ જાણે છે. પણ એને જાણનારનું જોર દેખાતું નથી તેથી આ રાગ છે. આ પુસ્તક છે, આ વાણી છે માટે જ્ઞાન થાય છે એમ એનું જોર પરમાં જ જાય છે. એની શ્રદ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ જ આવતો નથી. તેથી જાણનારને જ જાણે છે એ બેસતું નથી. ૧૨.

*

અરે જીવ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ! પર્યાયમાં સંસાર છે, વિકાર છે—એ ભૂલી જા ને નિજશક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્યશક્તિમાં સંસાર હતો જ નહિ, છે જ નહિ ને થશે પણ નહિ. લ્યો, આ મોક્ષ! આવા સ્વભાવની દૃષ્ટિથી આત્મા મુક્ત જ છે. માટે એકવાર બીજું બધુંય લક્ષમાંથી છોડી દે ને આવા ચિદાનંદ સ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને મોક્ષની શંકા રહેશે નહિ, અલ્પકાળમાં અવશ્ય મુક્તિ થઈ જશે. ૧૩.

*

માર ધડાક પહેલેથી! તું પામર છો કે પ્રભુ છો! તારે શું સ્વીકારવું છે! પામરપણું સ્વીકારે પામરપણું કદી નહિ જાય! પ્રભુપણે સ્વીકાર્યેથી પામરપણું ઊભુ નહિ રહે! ભગવાન આત્મા —હું પોતે દ્રવ્યે પરમેશ્વરસ્વરૂપે જ છું—એમ જ્યાં પરમેશ્વરસ્વરૂપનો વિશ્વાસ આવ્યો તો તું વીતરાગ થયા વિના રહીશ જ નહિ. ૧૪.

*

શ્રોતાઃ- દ્રવ્યને સાવ નકામું કરી દીધું, પર્યાયને પણ
કરે નહિ?

પૂજ્ય ગુરુદેવઃ- અરે ભાઈ! આ તો અંતર પેટની મૂળની વ
છે. આમાં દ્રવ્ય નકામું નથી થઈ જતું, પણ અલૌકિક દ્રવ્ય સિદ્ધ
છે. ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો
છે. આ વાત અહીંથી (પૂ. ગુરુદેવથી) બહાર આવી છે. એ પહે
આ વાત હિન્દુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય
જે કાળે જે થવાનું છે તે જ થશે. તેને ઈન્દ્ર, નરેન્દ્ર કે જિને
પણ ફેરવવા સમર્થ નથી. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરે છે. અ
સંસ્કાર પાડયા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે

*

ભાઈ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ! જ્ઞાયક જ
પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે. પુરુષાર્થ કરું...કરું. પણ
પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષ
પ્રગટે છે, પણ એને કરું...કરું...કરીને કાંઈક નવીન કાર્ય કરવું
પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ છે
જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટા
નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે. ખરેખર
પરોક્ષ જ્ઞાન છે તે જાણનાર જ છે.

શ્રોતાઃ-પરોક્ષ જ્ઞાન તો હીણું ને ઊણું છે ને?

પૂજ્ય ગુરુદેવઃ-પરોક્ષ જ્ઞાન—મતિશ્રુત પણ જાણનાર જ
જે કાંઈ છે તેને જાણે જ છે. વિકલ્પને જાણે છે, હીણપને જાણે
ઊણપને જાણે છે.

શ્રોતાઃ-કોણ જાણે છે? ઊણું જ્ઞાન ને?

પૂજ્ય ગુરુદેવઃ-જ્ઞાન ઊણું છે એમ પણ એ જ્ઞાન જાણે
જે છે તેને તે જ જ્ઞાન તેમ જાણે છે 'જાણેલો પ્રયોજનવાન છે'

શ્રોતાઃ- દ્રવ્યને સાવ નકામું કરી દીધું, પર્યાયને પણ દ્રવ્ય કરે નહિ?

પૂજ્ય ગુરુદેવઃ- અરે ભાઈ! આ તો અંતર પેટની મૂળની વાતો છે. આમાં દ્રવ્ય નકામું નથી થઈ જતું, પણ અલૌકિક દ્રવ્ય સિદ્ધ થાય છે. ક્રમબદ્ધપર્યાયનો સિદ્ધાંત એ તો સર્વ આગમના મંથનનો સાર છે. આ વાત અહીંથી (પૂ. ગુરુદેવથી) બહાર આવી છે. એ પહેલાં આ વાત હિન્દુસ્તાનમાં ક્યાંય ન હતી. ક્રમબદ્ધ એ પરમ સત્ય છે. જે કાળે જે થવાનું છે તે જ થશે. તેને ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરે છે. આના સંસ્કાર પાડયા હશે તે સ્વર્ગમાં જશે ને ત્યાંથી સમકિત પામશે ૧૫.

*

ભાઈ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ! જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે. પુરુષાર્થ કરું....કરું. પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું...કરું...કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે. ખરેખર તો પરોક્ષ જ્ઞાન છે તે જાણનાર જ છે.

શ્રોતાઃ-પરોક્ષ જ્ઞાન તો હીણું ને ઊણું છે ને?

પૂજ્ય ગુરુદેવઃ- પરોક્ષ જ્ઞાન—મતિશ્રુત પણ જાણનાર જ છે. જે કાંઈ છે તેને જાણે જ છે. વિકલ્પને જાણે છે, હીણપને જાણે છે, ઊણપને જાણે છે.

શ્રોતાઃ-કોણ જાણે છે? ઊણું જ્ઞાન ને?

પૂજ્ય ગુરુદેવઃ-જ્ઞાન ઊણું છે એમ પણ એ જ્ઞાન જાણે છે. જે છે તેને તે જ જ્ઞાન તેમ જાણે છે. 'જાણેલો પ્રયોજનવાન છે' એ સમયસારની ૧૨ મી ગાથાનો શબ્દ છે તે ગજબ વાત છે ૧૬.

*

આચાર્યદેવ કહે છે કે અમારી પર્યાયમાં અનંતા સિદ્ધોની સ્થાપના કરીએ છીએ અને જિજ્ઞાસુને કહે છે પ્રભુ! તું શ્રોતા તરીકે અમારી પાસે સાંભળવા આવ્યો છો એથી તારી એટલી લાયકાત જોઈને અમે તારી પર્યાયમાં પણ અનંતા સિદ્ધોની સ્થાપના કરીએ છીએ. અનંતા સિદ્ધોને સ્થાપી શકે એવી તારી પર્યાયની યોગ્યતા જોઈએ છીએ. અમે જેમ સિદ્ધપણાને પામીશું તેમ એ શ્રોતાની ટોળી પણ સિદ્ધપણાને પામશે. તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્યા એટલે તારું લક્ષ અલ્પજ્ઞ પર્યાય ઉપર નહિ રહી શકે. સર્વજ્ઞને સ્વભાવમાં સ્થાપ્યા છે તેથી અવશ્ય સર્વજ્ઞ થઈશ. ૧૭.

*

શ્રોતા :—જીવ રાગ-દ્વેષની પર્યાયને ન ફેરવી શકે, પણ શ્રદ્ધાની પર્યાયને ફેરવી શકે એમ ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—બધી પર્યાયને ફેરવી શકે; ન ફેરવી શકાય એમ નક્કી કરવા જાય ત્યાં દૃષ્ટિ સ્વભાવ ઉપર જાય છે ત્યાં પર્યાયની દિશા જ આખી ફરી જાય છે. જ્ઞાનસ્વભાવ છું એમ નિર્ણય કર્યો ત્યાં બધું જેમ છે તેમ છે, ફેરવવું ને ન ફેરવવું શું? જેમ છે તેમ છે. નિયતનો નિશ્ચય કરવા જાય ત્યાં જ સ્વભાવનો પુરુષાર્થ સાથે જ છે અને રાગ પણ મંદ પડી ગયો છે. જ્ઞાનસ્વભાવ છું એમ નક્કી થઈ ગયું પછી બધું જેમ છે તેમ છે. ગ્રહવા યોગ્ય બધું ગ્રહાઈ ગયું ને છોડવા યોગ્ય બધું છૂટી ગયું. જ્ઞાતાનો પુરુષાર્થ ચાલુ જ છે. રાગ ઘટતો જાય છે એટલે પૂર્ણ વીતરાગતા થઈ જશે. ૧૮.

*

જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું? અને જે નહિ થવાવાળી છે તેને પણ કરવું શું? એવો નિશ્ચય કરતાં જ કર્તૃત્વબુદ્ધિ તૂટીને સ્વભાવ સન્મુખ થઈ જાય છે. ત્રિકાળીને સર્વજ્ઞ જાણનાર-દેખનાર છે એમ હું પણ ત્રિકાળીને જાણવા-દેખવાવાળો જ છું. એવા ત્રિકાળી જ્ઞાયક-સ્વભાવનો નિશ્ચય કરવો એ જ સમ્યગ્દર્શન છે. ૧૯.

*

અરે ભાઈ! તું વિચાર તો કર કે તું કોણ છે? તું જ્ઞાનસ્વરૂપ છો. જે થાય તેને જાણ! તું કરનાર નહિ, જાણનાર છો. ક્રમબદ્ધની વાત વિચારે તો બધા ઝગડા મટી જાય. પોતે પરદ્રવ્યનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી, નિર્મળ પર્યાયનો પણ કર્તા નથી, અકર્તા સ્વરૂપ છે. જ્ઞાતાસ્વભાવ તરફ ઢળી જવું તેમાં જ અકર્તાપણાનો મહાન પુરુષાર્થ છે. ખરેખર તો પર્યાયને દ્રવ્ય તરફ વાળવી આ એક જ વસ્તુ છે, એ ખરેખર જૈન દર્શન છે. આહાહા! જૈનદર્શન આકરું બહુ! પણ અપૂર્વ છે, અને તેનું ફળ મહાન છે. સિદ્ધ ગતિ એનું ફળ છે. પરનો કર્તા તો નથી, રાગનો કર્તા તો નથી પણ નિર્મળ પર્યાયનો કર્તા નહિ. કેમકે પર્યાય ષટ્કારકથી સ્વતંત્ર પરિણમે છે. એનામાં ભાવ નામની એક શક્તિ છે તેના કારણે પર્યાય થાય જ છે, કરું તો થાય એમ નથી. આહાહા! ભાઈ! માર્ગ આકરો છે, અચિંત્ય છે. અગમ્ય છે, અગમ્યને ગમ્ય કરાવે એવો અપૂર્વ માર્ગ છે. પર્યાય ક્રમસર થાય છે, દ્રવ્યગુણ પણ એનો કર્તા નહિ—એમ કહીને એકલી સર્વજ્ઞતા સિદ્ધ કરી છે. અકર્તાપણું એટલે જ્ઞાતાપણું સિદ્ધ કર્યું છે. ૨૦.

*

અહો! હું જ તીર્થંકર છું, હું જ જિનવર છું, મારામાં જ જિનવર થવાના બીજડા પડ્યા છે. પરમાત્માનો એટલો ઉલ્લાસ.... કે જાણે પરમાત્માને મળવા જતો હોય! પરમાત્મા બોલાવતા હોય કે આવો...આવો...ચૈતન્ય ધામમાં આવો! આહાહાહા! ચૈતન્યનો એટલો આહ્લાદ અને પ્રહ્લાદ હોય, ચૈતન્યમાં એકલો આહ્લાદ જ ભર્યો છે, એનો મહિમા, માહાત્મ્ય, ઉલ્લાસ, ઉમંગ અસંખ્ય પ્રદેશે આવવો જોઈએ ૨૧.

*

આવું પરમાત્મપણું સાંભળતા એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ. ૨૨.

*

શ્રોતા :—એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ અને દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય એ ઉપર આપ બહુ ભાર આપો છો તો એ સમ્યગ્દર્શનનું કારણ છે?

પૂજ્ય ગુરુદેવ :—હા, એ તો મૂળ ચીજ છે. આ બે વાતનો નિર્ણય થતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર વળે છે. ૨૩.

*

હે ભવ્ય! તું શરીરને ન જો! રાગને ન જો! એક સમયની પર્યાયને ન જો! તારી પાસે તારો પૂર્ણાનંદ પ્રભુ પડયો છે તેને જો! અરે ભગવાન! તું પૂર્ણાનંદ સ્વરૂપ સમીપમાં જ પડયો છે તે દૂર કેમ રહી શકે! એમ દિગમ્બર સંતોની વાણી મારફાડ કરતી—ઝબકારા કરતી આવે છે કે તારી સમીપ પૂર્ણાનંદ પ્રભુ પડયો છે તેને તું આજે જ દેખ! આજે જ સ્વીકાર કર ને હા પાડ! હા પાડતાં હાલત થઈ જાય તેવો તું પૂર્ણાનંદનો નાથ છો. ૨૪.

ભાઈ! તું વિશ્વાસ લાવ!—કે મારા સ્વભાવના આનંદ આગળ બધી પ્રતિકૂળતા અને આખી દુનિયા ભૂલાઈ જાય એવી અદ્‌ભૂત વસ્તુ હું છું. હું વર્તમાનમાં પરમાત્મા જ છું, મારે અને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ વિશ્વાસ આવતાં ફેર છૂટી જશે ને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થઈ જશે. ૨૫.

*

ચૈતન્યમૂર્તિ આત્મા પરમાનંદસ્વરૂપ છે, તેના ધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. આહાહા! આકરી વાત છે ભાઈ! અશુભ રાગ તો ઘોર સંસારનું મૂળ છે જ પણ અહીં કહે છે કે આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે એટલે કે શુભ ભાવો અનેક પ્રકારના છે તે પણ ઘોર સંસારનું મૂળ છે. આત્મધ્યાન તે મોક્ષનું મૂળ છે તો તેની સામે આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. દયા–દાન–પૂજા–પઠન–પાઠન–વ્રત આદિ અનેક પ્રકારના શુભ ભાવો છે તે બધાય ઘોર સંસારનું મૂળ છે. ૨૬.

*

નિર્મળ પરિણામ હો કે મલિન પરિણામ હો તેના સ્વકાળે જ તે થાય છે, તે પરિણામનો તે જન્મક્ષણ છે. ખરેખર જે કાંઈ થાય છે તેનો તું જાણનાર છો, આમ કેમ થાય છે એ પ્રશ્ન જ નથી. જે કાળે જે પરિણામ થાય તેનો જાણનાર રહે. અહા પ્રભુ! તારી ગંભીરતાનો પાર નથી, દ્રવ્યસ્વભાવ-ગુણસ્વભાવ-પર્યાયસ્વભાવ-મહાગંભીરસ્વભાવ છે. ૨૭.

*

ક્રમબદ્ધ પર્યાયના સિદ્ધાંતથી મૂળ તો અકર્તાપણું સિદ્ધ કરવું છે. જૈનદર્શન અકર્તાવાદ છે. આત્મા પરદ્રવ્યનો તો કર્તા નથી જ, રાગનો પણ કર્તા નહિ અને પર્યાયનો પણ કર્તા નહિ. પર્યાય પર્યાયના જન્મક્ષણે ષટ્કારકથી સ્વતંત્ર જે થવાની તે જ થાય છે, પણ એ ક્રમબદ્ધનો નિર્ણય પર્યાયના લક્ષે થતો નથી. ક્રમબદ્ધનો નિર્ણય કરવા જાય ત્યાં શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકધાતુ ઉપર દૃષ્ટિ જાય છે, ત્યારે જાણનાર જે પર્યાય પ્રગટ થાય છે તે ક્રમબદ્ધ પર્યાયને જાણે છે. ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય સ્વભાવ સન્મુખના અનંતા પુરુષાર્થ પૂર્વક થાય છે. ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા વીતરાગ સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે પર્યાયમાં પ્રગટે છે. સમયસાર ગાથા ૩૨૦ માં કહ્યું છે ને! કે જ્ઞાન બંધ-મોક્ષને કરતું નથી પણ જાણે જ છે. આહાહા! મોક્ષને જાણે છે, મોક્ષને કરે છે એમ કહ્યું નથી. પોતાના થતાં ક્રમસર પરિણામને કરે છે એમ નહિ પણ જાણે છે એમ કહ્યું. ગજબ વાત છે. ૨૮

*

ક્રમબદ્ધમાં પુરુષાર્થ ઊડી જાય એવો અજ્ઞાનીને ડર લાગે છે, પણ ખરેખર તો ક્રમબદ્ધ માને તેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે એમાં જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ માનતા ફેરફારની દૃષ્ટિ છૂટી જાય ને સામાન્ય દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય એ જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ નક્કી કરવા જાય ત્યાં હું પરનું કરી દઉં, વ્યવહારથી નિશ્ચય થાય એ બધું ઊડી જાય ને અંદર ઠરી જવાનો રસ્તો થાય. ૨૯.

*

એક સમયની પર્યાય સત્ છે સ્વતંત્ર છે. જે કાળે જે પર્યાય થવાની તે પર્યાય પોતાના ષટ્કારકની ક્રિયાથી સ્વતંત્ર થવાની, પણ એનો નિર્ણય કઈ રીતે થાય? એ નિર્ણયનું તાત્પર્ય શું? વીતરાગતા તાત્પર્ય છે. એ વીતરાગતા ક્યારે થાય?–કે એનું લક્ષ ને દૃષ્ટિ પર્યાયના કર્તાપણાની બુદ્ધિથી, પર્યાયના ફેરફાર કરવાની બુદ્ધિથી ખસીને ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક ઉપર જાય ત્યારે નિ:સંદેહ નિર્ણય થતાં પરિણામમાં અંશે નિર્મળતા ને વીતરાગતા થાય. એ સાચા નિર્ણયનું ફળ ને તાત્પર્ય છે. આહાહા! શું વીતરાગની વાણી! ચારે કોરથી એક સત્ જ ઊભું થાય છે. ૩૦.

*

આત્માર્થી:– આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે પુરુષાર્થ કેવી રીતે કરવો?

પૂજ્ય ગુરુદેવ:– પ્રથમ વિચારમાં નિરાવલંબીપણે ચાલવું જોઈએ કોઈના આધાર વિના જ અદ્ધરથી જ ચાલે કે હું આવો છું... ઉત્પાદ-વ્યય-ધ્રુવ સ્વરૂપ છું... વિગેરે. તે વિચારો ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ, પણ એમ જ લાગે કે આ હું...આ હું...એમ ઘોલન ચાલતાં ચાલતાં લાગે. પછી એ વિકલ્પો પણ છુટી જાય, પછી તો સહજ થઈ જાય. ...સ્વાધ્યાય વખતે પણ આનું આ જ લક્ષ ચાલ્યા કરતું હોય, આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય...આ વિચારો ચાલતાં આખા જગતના બીજા વિકલ્પો છુટી ગયા હોય છે. શાસ્ત્રોના શબ્દો વિના હૈયા ઉકેલ થઈ જવો જોઈએ. ઉપાડ મૂળમાંથી આવવો જોઈએ. બીજું ઓછું સમજાતું હોય તેનું કાંઈ નહીં...અન્ય સર્વ વિકલ્પો છુટી જાય અને અદ્ધરથી આત્મા સંબંધી જ વિચારો ચાલ્યા કરે અને વળગ્યા જ રહે. આખી સત્તાનું જ્ઞાનમાં ઘોલન ચાલે છે. પ્રયોગ તો એણે જ કરવો પડે છે...વિશ્વાસ આવવો જોઈએ..બીજી બીજી ચિંતાઓ હોય તો આ ક્યાંથી ચાલે?...આનો અભ્યાસ વારંવાર જોઈએ. ૩૧.

*

અરે પ્રભુ ! તું સ્વભાવે પરમેશ્વર છો. તારી વિરુદ્ધની વાતો કરતા શરમ આવે છે ! અનાદર નથી આવતો; ક્યાં તારી શુદ્ધતા અને ક્યાં આ વિકારી ભાવ-મિથ્યાત્વ-સંસાર ! અરે ! ક્યાં લીંબડાનાં અવતાર ! નિગોદમાં અવતાર ! અરે ! તું ભગવાન સ્વરૂપ ! ભગવાન તું ક્યાં ગયો ! તારો વિરોધ નથી પ્રભુ ! તારાથી વિરુદ્ધભાવનો વિરોધ છે. જેની મા ખાનદાનની દીકરી, જેની આંખ ઊંચી ન થાય એનો દીકરો વેશ્યામાં જાય—એમ આ પરિણતિ પ્રભુની જે પોતાના સ્વરૂપને છોડી વિકારમાં જાય. પ્રભુ ! શરમ આવે છે. ૩૨.

*

દ્રવ્યલિંગ તો સર્વથા જીવનું સ્વરૂપ નથી અને ભાવલિંગ જે સમ્યગ્દર્શન--જ્ઞાન—ચારિત્રની શુદ્ધ નિર્મળ પર્યાય, જે પૂર્ણ સ્વરૂપ એવા મોક્ષનું સાધક છે તે પણ ઉપચારથી જીવનું સ્વરૂપ કહેવાય છે, પરમાર્થ સૂક્ષ્મ શુદ્ધ નિશ્ચયનયથી તે પણ જીવનું સ્વરૂપ નથી. આહાહા ! સાધક પર્યાયને દ્રવ્યની છે તેમ ઉપચારથી કહેવામાં આવે છે. દેહાદિ કે રાગાદિ તો જીવના નથી જ પણ અહીં તો ભાવલિંગની નિર્મળ પર્યાય જે મોક્ષની સાધક છે તે પણ જીવની છે તેમ ઉપચારથી કહેવામાં આવે છે પર્યાયનું લક્ષ છોડાવવા, ભેદજ્ઞાનની પરાકાષ્ટાની આ ગાથા (પરમાત્મપ્રકાશ–૮૮) છે. ધ્રુવસ્વભાવની સન્મુખ જે ધ્યાનની અકષાય સાધક પર્યાય પ્રગટ થાય છે તે પણ ઉપચારથી જીવનું સ્વરૂપ છે, પરમાર્થથી તો ત્રિકાળી ધ્રુવસ્વભાવ જ જીવનું સ્વરૂપ છે. આવી વાત તો ભાગ્યશાળી હોય તેને કાને પડે છે. ૩૩.

*

વિકલ્પનો ભાગ પણ ક્રમસર થાય છે, પણ જ્યાં તેના કાળક્રમે નીકળે છે ત્યાં મેં કર્યો એમ એને ભ્રમ પડી જાય છે. ૩૪.

*

શ્રેણીબદ્ધ પર્યાય છે એટલે તું જાણનાર જ છે. જાણનાર... પૂરણ જાણનાર એટલે વિકાર કે અપૂર્ણતા શું ! એકરૂપ પરિપૂર્ણ જ છું...પરિપૂર્ણ પરમાત્મા જ છું. ૩૫.

*

પર્યાયબુદ્ધિ છોડકર જ્ઞાયક કી પ્રતીત કરના વહ ક્રમબદ્ધકા ફલ હૈ ૩૬.

*

ભાઈ! આ દેહના ચોસલા છૂટા પડશે, કોઈ શરણ નહિ આપે—એમ શરણભૂત વસ્તુ નહિ પકડાય. પહેલાં પદાર્થની સ્વતંત્રતા જેમ છે તેમ કબૂલ કરે અને પછી પણ ગુંલાટ મારીને અંતરમા જાય ત્યારે ચૈતન્યસ્વભાવ પકડમાં આવે છે. ૩૭.

*

આહાહા! ત્રણલોકના નાથ જાણે સામે ઊભા હોય ને કહેતા હોય કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ જ કરે નહિ—એમ ફાટ...ફાટ... પ્યાલાની જેમ એ દ્રવ્યોની ભિન્નતા બતાવે છે. અરે! આવી વીતરાગની વાતો સાંભળનાર લોકો ભાગ્યશાળી છે. સાક્ષાત્ ભગવાન કહેતા હોય તેમ સંતો શાસ્ત્ર દ્વારા કહે છે. ૩૮.

*

શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં અને સંસારમાં તફાવત નથી. આહાહા! ક્યાં પૂર્ણાનંદની પ્રગટતારૂપ મુક્ત દશા અને ક્યાં અનંત દુઃખમય સંસાર પર્યાય! છતાં તે મુક્તિ અને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધતત્વના રસિક પુરુષો કહે છે. કેમ કે સંસાર પણ પર્યાય છે અને મુક્તિ પણ પર્યાય છે. એ પર્યાય આશ્રય કરવા લાયક નથી એ અપેક્ષાએ મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો એટલે શુદ્ધતત્ત્વના અનુભવી પુરુષો કહે છે. નિયમસાર ગાથા ૫૦ માં કહે છે કે શુદ્ધ નિશ્ચયના બળે ઉદય ભાવો તો હેય છે જ પણ ઉપશમ આદિ ભાવની નિર્મળ પર્યાય છે તે પણ હેય છે. શુદ્ધ નિશ્ચયના બળે ચારે ભાવ વિભાવ ભાવ હોય છે તેમ કહ્યું છે. અહીં કહે છે કે મુક્તિમાં ને સંસારમાં તફાવત નથી તેમ શુદ્ધ તત્ત્વના રસિક એટલે અનુભવી પુરુષો કહે છે. ૩૯.

*

આહાહા! આખી દુનિયા ભૂલાઈ જાય એવું તારું પરમાત્મ તત્ત્વ છે. અરેરે! ત્રણલોકનો નાથ થઈને રાગમાં રોળાઈ ગયો! રાગમાં તો દુઃખની જ્વાળા સળગે છે, ત્યાંથી દૃષ્ટિને છોડી દે! અને જ્યાં સુખનો સાગર ભર્યો છે ત્યાં તારી દૃષ્ટિને જોડી દે! રાગને તું ભૂલી જા! તારા પરમાત્મતત્ત્વને પર્યાય સ્વીકારે છે પણ એ પર્યાયરૂપ હું છું એ પણ ભૂલી જા! અવિનાશી ભગવાન પાસે ક્ષણિક પર્યાયના મૂલ્ય શા? પર્યાયને ભૂલવાની વાત છે ત્યાં રાગ ને દેહની વાત ક્યાં રહી? આહાહા! એકવાર તો મડદા ઊભા થઈ જાય એવી વાત છે એટલે કે સાંભળતાં જ ઉછળીને અંતરમાં જાય એવી વાત છે. ૪૦.

*

ખરેખર તો એક પોતે જ છે ને બીજી વસ્તુ છે જ નહિ. હું જ એક છું, મારે હિસાબે બીજી વસ્તુ જ નહીં. કેવળી હો, સિદ્ધ હો, તે તેને હિસાબે ભલે હો, પણ મારા હિસાબે તે નથી—એમ સ્વભાવની અપેક્ષાએ રાગ પણ પોતાનો નથી. દેહ-ધન-સ્ત્રી-પુત્ર આદિ તો એના છે જ નહિ પણ રાગ પણ તેનો નથી. જ્ઞાનસ્વરૂપ એકલો હું જ છું—એમ જોર આવવું જોઈએ.

શ્રોતાઃ-હું જાણનાર જ છું એવું જોર આવતું નથી તે કેમ આવે?

પૂજ્ય ગુરુદેવઃ-જોર પોતે કરતો નથી તેથી આવતું નથી. બહારના સંસારના પ્રસંગોમાં કેટલી હોંશ ને ઉત્સાહ આવે છે! એમ અંદરમાં પોતાના સ્વભાવની હોંશ ને ઉત્સાહ આવવો જોઈએ. ૪૧.

*

કરવા-ફરવાનું છે ક્યાં? કરું કરુંની દૃષ્ટિ જ છોડવાની છે. રાગને કરવાનું તો છે જ નહિ પણ આત્મામાં અનંતા ગુણ છે તેનું પરિણમન પણ સમયે સમયે થઈ જ રહ્યું છે તેને પણ કરે શું? ફક્ત તેની ઉપરથી દૃષ્ટિ છોડીને અંદરમાં જવાનું છે. ૪૨.

*

જેમ સર્વજ્ઞને લોકાલોક જ્ઞેય છે, લોકાલોકને સર્વજ્ઞ જાણે છે, તેમ સર્વજ્ઞ સ્વભાવીને દૃષ્ટિમાં લીધો છે એવો સમ્યગ્દૃષ્ટિ સર્વજ્ઞની જેમ રાગને જાણે જ છે. સર્વજ્ઞને જાણવામાં લોકાલોક નિમિત્ત છે, તેમ સમ્યગ્દૃષ્ટિને જાણવામાં રાગ નિમિત્ત છે. સમ્યગ્દૃષ્ટિ રાગને કરતો જ નથી પણ લોકાલોકને જાણનાર સર્વજ્ઞની જેમ સમ્યગ્દૃષ્ટિ રાગને જાણે જ છે. આમ વસ્તુસ્થિતિ છે અને આમ જ અંદરથી બેસે છે, આમ જ અંદરથી આવે છે અને આમ જ વસ્તુની સ્થિતિ છે. આ વાત ત્રણ કાળ ત્રણ લોકમાં ફરે તેમ નથી. બીજી રીતે બેસારવા જાય તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ થઈ શકે તેમ નથી. આ તો અંદરથી જ આવેલી વસ્તુસ્થિતિ છે. શાસ્ત્ર ભલે અનેક રીતે કહે પણ વસ્તુ આમ જ છે ને આમ જ અંદરથી આવી છે. આ તો અનુભવથી નીવેડો છે! ૪૩.

*

ભાઈ! એકવાર હરખ તો લાવ કે અહો! મારો આત્મા આવો પરમાત્મસ્વરૂપ છે. જ્ઞાનાનંદની શક્તિથી ભરેલો છે. મારા આત્માની તાકાત હણાઈ ગઈ નથી 'અરેરે! હું હીણો થઈ ગયો, વિકારી થઈ ગયો .....હવે મારું શું થશે!' એમ ડર નહિ, મુંઝા નહિ, હતાશ થા નહિ...એકવાર સ્વભાવનો ઉત્સાહ લાવ...સ્વભાવનો મહિમા લાવીને તારી તાકાતને ઉછાળ. ૪૪.

*

ભાઈ! અત્યારે તો પોતાનું કામ કરી લેવા જેવું છે. અરે! મા-બાપ ભાઈ-બહેન સગા સંબંધી આદિ અનેક કુટુંબીઓ મરીને ક્યાં ગયાં હશે? એની કાંઈ ખબર છે? અરે! મારે મારા આત્માનું હિત કરી લેવું છે—એમ એને અંદરથી લાગવું જોઈએ. આહાહા! સગા સંબંધી બધા ચાલ્યા ગયા, તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ બધું ફરી ગયું. શરીરના અનંતા રજકણો ક્યારે ક્યાં કેમ થશે એની છે ખબર? માટે જે જાગતો રહેશે તે બચશે. ૪૫.

*

શ્રોતાઃ—આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ?

પૂજ્ય ગુરુદેવઃ—અરે ભાઈ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ. પછી તારે કોને ફેરવવું છે? મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે એમ નક્કી કરતાં જ પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમે ક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનુ ક્યાં રહ્યું? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી?—દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (—શ્રદ્ધા–જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.—એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલો વીતરાગી જ્ઞાતા ભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ! જ્ઞાનમાં જ્ઞાતાદ્રષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે; જ્ઞાતા ભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યા બુદ્ધિ છે. ૪૬.

*

જે ગુણની જે કાળે જે પર્યાય વિપરીત થવાની તે થવાની છે પણ વિપરીત પર્યાયને હેયરૂપ જાણવી જોઈએ. છોડવા મૂકવાની વાત નથી પણ માન્યતામાં છોડવાની વાત છે. ૪૭.

*

સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય, આદર કરવા જાય, વિશ્વાસ કરવા જાય, પ્રશંસા કરવા જાય, રુચિ કરવા જાય ત્યાં જ પોતાના સર્વજ્ઞ-સ્વભાવનો નિર્ણય થઈ જાય છે. એ જ પુરુષાર્થ આવ્યો. ૪૮.

*

ક્રમબદ્ધ પર્યાયથી ખરેખર એને ખ્યાલમાં આવ્યું હોય તે એટલે કે જે કરવાપણાના દુઃખથી થાકેલા છે તે પરના કરવાપણાથી ખસીને આત્મા તરફ આવે છે. જે કર્તાપણાની બુદ્ધિથી થાકેલા છે એ પરના કર્તાપણાના અભિમાનથી થાકીને આત્મા તરફ વળે છે તેને સમ્યગ્દર્શન થાય છે. સંસારથી ખરેખર થાકેલાને જ સમ્યગ્દર્શન થાય છે. જે સમયે જે પર્યાય થવાની તે જ થાય છે. તીર્થંકરને પણ જે પર્યાય થવાની તે જ થાય છે, તેને આઘી-પાછી કરી શકે નહિ. સંસારથી ખરેખર જે થાકી ગયો છે એને એમ થાય છે કે મારે કાંઈ જોઈતું નથી એટલે હું કાંઈક કરું અને એનાથી મને બીજું કાંઈક મળે એવી સ્પૃહા નથી. ક્રમબદ્ધની દૃષ્ટિવાળાને દરેક દ્રવ્યની પર્યાય આત્માના કર્તા વિના ક્રમબદ્ધ સ્વયં થાય છે એમ એને બેસી ગયું છે. ૪૯.

*

જ્ઞાયકસ્વભાવ લક્ષમાં આવે ત્યારે ક્રમબદ્ધપર્યાય યથાર્થ સમજમાં આવી શકે છે. જે જીવ પાત્ર થઈને પોતાના આત્મહિત માટે સમજવા માગે છે તેને આ વાત યથાર્થ સમજમાં આવી રહે છે. જેને જ્ઞાયકની શ્રદ્ધા નથી, સર્વજ્ઞની પ્રતીત નથી, અંદરમાં વૈરાગ્ય નથી અને કષાયની મંદતા પણ નથી એવો જીવ તો જ્ઞાયક સ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધના નામે સ્વછંદતાનું પોષણ કરે છે, એવા સ્વછંદી જીવની અહીં વાત નથી. જે જીવ ક્રમબદ્ધ પર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વછંદતા થઈ શકે જ નહિ. ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય છે, તેને કર્તૃત્વના ઊછાળા શમી જાય છે ને પરદ્રવ્યનો અને રાગનો અકર્તા થઈ જ્ઞાયકમાં એકાગ્ર થતો જાય છે. ૫૦.

*

ખરેખર તો વિકારી પર્યાય પર્યાયને કારણે થાય છે. જ્ઞાયક પ્રભુ એનો પણ જાણનાર–દેખનાર છે, અને સંવર-નિર્જરાની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે અને મોક્ષની પર્યાય પણ પર્યાયને કારણે થાય છે. મોક્ષમાર્ગને કારણે મોક્ષ થાય છે–એમ કહેવું એ પણ વ્યવહાર છે. ખરેખર તો પર્યાય પર્યાયની લાયકાતના કારણે થાય છે. ૫૧.

*

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે એટલે પરદ્રવ્યની પર્યાયને ફેરવવાનું તો રહ્યું નહિ, પરદ્રવ્યની પર્યાયને તો ફેરવી શકતો જ નથી પણ પોતાની પર્યાય જે ક્રમસર થવાની તે જ થાય છે તેથી તેને પણ ફેરવવાનું રહ્યું નહિ. જે પર્યાય ક્રમસર થાય તેનો જાણનાર જ છે. આહાહા ! આ વીતરાગતા છે. ભગવાન સર્વજ્ઞે દેખ્યા પ્રમાણે દરેક દ્રવ્યના ત્રણકાળના પર્યાયો જે કાળે જે થવાના તે જ થવાના છે. ભગવાને દેખ્યું છે માટે થવાના છે એમ નહિ પણ દરેક દ્રવ્યના પર્યાયો પોતાથી જ ક્રમબદ્ધ જે થવાના તે જ થાય છે. તેને બીજો તો ફેરવી શકે નહિ પણ પોતે પણ પોતામાં થતાં ક્રમસર પરિણામને ફેરવી શકે નહિ, માત્ર જાણી શકે. ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરતાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે ત્યારે ક્રમબદ્ધ પર્યાયનો સાચો નિર્ણય થાય છે. પર્યાયના ક્રમ સામું જોતાં ક્રમબદ્ધનો સાચો નિર્ણય થઈ શકે નહિ, જ્ઞાયક તરફ ઢળે છે ત્યારે જ્ઞાયકનો સાચો નિર્ણય થાય છે, એ નિર્ણયમાં અનંતો પુરુષાર્થ આવે છે. જ્ઞાન સાથે આનંદનો સ્વાદ આવે ત્યારે તેને સમ્યગ્દર્શન થયું છે. સર્વજ્ઞે દેખ્યું છે તેમ થાય, પર્યાય ક્રમબદ્ધ થાય. એના નિર્ણયનું તાત્પર્ય જ્ઞાનસ્વભાવ ઉપર દૃષ્ટિ કરવી એ છે. આત્મા કર્તા નથી પણ જ્ઞાતા જ છે. ૫૨.

*

ધ્રુવધામના—ધ્યેયના ધ્યાનની ધખતી ધૂણી,
ધગશ ને ધીરજથી ધખાવવારૂપ
ધર્મનો ધારક ધર્મી
ધન્ય છે. ૫૩.

*

જેણે અંદરમાં આરાધના કરી એને ભગવાનના વિરહ નથી. અરે! અમારો ભગવાન અમારી પાસે છે. અમને ભગવાનના ભેટા થયા છે, અમે ભગવાન જ છીએ. આહાહા! પંચમ કાળનાં મુનિઓએ અપૂર્વ કામ કર્યા છે. અહીંથી સ્વર્ગમાં ગયા છે ને ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષે જવાના. પંચમકાળમાં ભરતક્ષેત્રમાં અવતર્યા એટલે એકાદ ભવ બાકી રહી ગયો, મહાવિદેહમાંથી તો એ જ ભવે મોક્ષ જાય છે. છ માસ ને આઠ સમયમાં છસો ને આઠ જીવ મોક્ષે જાય અને એટલાં જ જીવો નિગોદમાંથી નીકળે, બાકી તો એમ ને એમ નિગોદમાં પડ્યા રહે છે. જ્યારે જુઓ ત્યારે નિગોદના એક શરીરમાં રહેલ જીવોના અનંતમાં ભાગે જ મોક્ષે જાય. આહાહા! એ નિગોદમાંથી નીકળીને આવા મનુષ્યના ભવ મળ્યા ને વીતરાગની વાણી મળી એ તો ધન્ય ભાગ્ય! મહા પુણ્યના થોક હોય... ...મેરુ જેટલા પુણ્યના થોક હોય ત્યારે આવો યોગ મળે છે. હવે કામ કરવું એ એના હાથની વાત છે. ભાઈ! આવા કાળે તું તારું કામ કરી લે. ૫૪.

*

શુભાશુભ પરિણામ તેના સ્વકાળે જે થવા યોગ્ય છે તે જ થાય છે. એને નહોતો થવાનો ને કરે કે થવાનો હતો ને ફેરવે એ દૃષ્ટિ જ ખોટી છે. રાગ એના સ્વકાળે કાળક્રમમાં થવા યોગ્ય જ થાય છે—એ દૃષ્ટિમાં જ અનંતો જ્ઞાયકનો પુરુષાર્થ છે. ૫૫.

*

શ્રોતા :–પર્યાય તો વ્યવસ્થિત જ થવાની છે એટલે પુરુષાર્થની પર્યાય તો જ્યારે તેનો પ્રગટવાનો કાળ આવશે ત્યારે જ પ્રગટશે એટલે હવે કરવાનું શું રહે છે?

પૂજ્ય ગુરુદેવ :—વ્યવસ્થિત પર્યાય છે એમ જાણ્યું ક્યાંથી? વ્યવસ્થિત પર્યાય દ્રવ્યમાં છે તો તેને દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાની છે. પર્યાયના ક્રમ ઉપર દૃષ્ટિ રાખવાની નથી પણ ક્રમસર પર્યાય જેમાંથી પ્રગટે છે એવા દ્રવ્યસામાન્ય ઉપર જ એને દૃષ્ટિ કરવાની છે. સામાન્ય ઉપરની દૃષ્ટિમાં અનંત પુરુષાર્થ આવે છે. ક્રમબદ્ધના સિદ્ધાંતથી અકર્તાપણું સિદ્ધ થાય છે. ક્રમ સામે જોવાનું નથી. ૫૬.

*

## * જૈન દર્શનનો મૂળ સિદ્ધાંત *

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, સ્પર્શ કરતું નથી.
દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય.
પરદ્રવ્યની સામે જોતાં રાગ જ થાય.

પોતાના દ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડીને જોતાં કે ગુણ-ગુણીના ભેદ પાડીને જોતા રાગ જ થાય, વીતરાગતા ન થાય.

પંચમ પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ ધર્મ— વીતરાગતા થાય— એ ઉપરના ચાર બોલનો સાર છે; આ જૈનદર્શનનો મૂળ સિદ્ધાંત છે.

આહાહા! આ વાત ભગવાનના ઘરની ને ભગવાન થવાની છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એ વાત બેસે નહિ ત્યાં સુધી કર્તાબુદ્ધિ છૂટે નહિ

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ ને સ્પર્શે નહિ, એ બીજા દ્રવ્યનું કરે શું? આ વાત દાંડી પીટીને સિંહનાદથી કહેવાય છે. વીતરાગ સર્વજ્ઞના ઘરની આ વાત દિવ્યધ્વનિમાં આવેલી છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું કે સ્પર્શતું નથી. આ મહા સિદ્ધાંત સમયસારની ગાથા ૩ માં કહ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતાનો આ ઓછો પોકાર છે? કુંભાર માટીને અડતો કે સ્પર્શતો જ નથી તો ઘડાને કરે શું? માટી જ સ્વયં કર્તા થઈને ઘડાને કરે છે. આ તો ભગવાને કહેલી, અંતરમાંથી આવેલી વાત છે. ૫૭.

*

પરમાત્મદશા એ પણ દ્રવ્યમાં નથી, એનાથી રહિત છે. આહાહા! દ્રવ્ય ઉપર લક્ષ ગયા વિના એને પ્રતીતમાં જોર આવી શકતું નથી, જોર આવતું જ નથી. પર્યાયનું લક્ષ છોડીને હું તો આ જ વર્તમાનમાં છું—એમ દ્રવ્યમાં ભળી જાય છે ત્યારે જ પ્રતીતિમાં જોર આવી શકે છે. ૫૮.

*

એક વિચાર આવ્યો કે તીર્થંકર જેવાને માતાના પેટમાં આવવું પડે, સવા નવ માસ પેટમાં સંકોચાઈને રહેવું પડે, જન્મ લેવો પડે ! આહાહા ! ઈન્દ્રો જેની સેવા કરવા આવે એવા તીર્થંકરોની પણ આ સ્થિતિ ! અરેરે સંસાર ! આ શું છે ?....વૈરાગ્ય... વૈરાગ્ય ... સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી એવા તીર્થંકરને પણ માતાના પેટમાં રહેવું પડે ! આહાહા ! સંસારની છેલ્લી સ્થિતિની વાત છે. અરેરે પ્રભુ ! આ સંસાર ! સંસારની આવી સ્થિતિ વિચારતાં આંખમાંથી આંસુ હાલ્યા જાય ! જન્મ લેવા જેવો નથી. તીર્થંકરગોત્ર કર્મને પણ ઝેરનું ઝાડ કહ્યું છે; અને જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ ઝેર છે, વિષકુંભ છે. તીર્થંકરના અવતારને ઝેરનું ફળ કહે એ તો તીર્થંકર કહી શકે. ઝેરના ફળમાંથી ઝેર ઝરે ને અમૃતના ફળમાંથી અમૃત ઝરે. આહાહા ! તીર્થંકરની તો જાત જુદી છે છતાં તીર્થંકર જેવાની પણ આ સ્થિતિ છે ! આહાહા ! જન્મ લેવા જેવો નથી. ૫૯.

*

વસ્તુમાં અધિકરણ નામનો ગુણ છે. તેના આધારે વસ્તુ ટકી રહી છે. અન્યના આધારે નથી. આત્મા શરીરના આધારે નથી રહ્યો, શરીર પાટના (ખુરશીના) આધારે રહ્યું નથી. પાટ જમીનના આધારે રહી નથી. એક રજકણ બીજા રજકણના આધારે રહ્યું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા, કર્મ, કારણ કે આધાર નથી. સાંભળજે ભાઈ! આ ભગવાનની વાણીનો પડકાર છે. આત્મવસ્તુ ચમત્કારીક ચીજ છે, એવા આત્માનો વિશ્વાસ....વિશ્વાસ...વિશ્વાસ આવવો જોઈએ. 'વિશ્વાસે વહાણ તરે છે.' પાણીના આધારે વહાણ તરતું નથી, વહાણ વહાણના આધારે તરે છે. આવી વસ્તુની સ્થિતિ છે. આત્મા વિશ્વનો પ્રકાશક છે. વિશ્વ એટલે અનંત પદાર્થો, એ અનંત પદાર્થોની અસ્તિ પોતપોતાથી જ ભિન્ન-ભિન્ન અસ્તિત્વરૂપે રહી શકે છે. જો એક પદાર્થ બીજા પદાર્થના આધારે રહે તો અનંત પદાર્થોની અસ્તિ સિદ્ધ થઈ શકે નહીં. બીજા સંયોગી દ્રવ્યથી જોવું એ તો સંયોગદૃષ્ટિ છે. વસ્તુના ચમત્કારીક સ્વભાવથી જોવું તે સ્વભાવદૃષ્ટિ છે. ચૈતન્યવસ્તુનો સ્વભાવ તો ચમત્કારીક છે જ પણ દરેક પદાર્થનો સ્વભાવ પણ ચમત્કારીક છે. ૬૦.

*

શ્રોતા:- બધા ગુણોનું કાર્ય વ્યવસ્થિત જ છે તો પછી તેને પુરુષાર્થ કરવાનો રહેતો નથી?

પૂજ્ય ગુરુદેવ:- જેને ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધામાં પુરુષાર્થ ભાસતો નથી તેને વ્યવસ્થિત બેઠું છે જ ક્યાં?

શ્રોતા:—તેને વ્યવસ્થિત બેઠું નથી એવું તેનું પરિણમન પણ વ્યવસ્થિત જ છે. એ વ્યવસ્થિતનો નિર્ણય ન કરી શકે તેવું તેનું પરિણમન વ્યવસ્થિત જ છે તો પછી તેને નિર્ણય કર તેમ કેમ કહેવામાં આવે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી:–એનું પરિણમન વ્યવસ્થિત જ છે એમ તેને ક્યાં ખબર છે? વ્યવસ્થિત પરિણમન છે તેમ સર્વજ્ઞે કહ્યું પણ સર્વજ્ઞનો તેને ક્યાં નિર્ણય છે? પહેલાં એ સર્વજ્ઞનો તો નિર્ણય કરે? પછી વ્યવસ્થિતની ખબર પડે.

શ્રોતા:- વ્યવસ્થિત પરિણમનશીલ વસ્તુ છે એમ ભગવાને કહેલું તેને બેઠું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી:- ના, સર્વજ્ઞ ભગવાનનો પણ ખરો નિર્ણય તેને ક્યાં છે? પહેલાં સર્વજ્ઞનો નિશ્ચય આવ્યા વિના વ્યવસ્થિતનો નિર્ણય ક્યાંથી આવ્યો? એમ ને એમ જ્ઞાનીની વાતો ધારી ધારીને કરે તે ન ચાલે, પહેલાં સર્વજ્ઞનો નિર્ણય લાવ. દ્રવ્યનો નિર્ણય કર્યા વિના સર્વજ્ઞનો નિર્ણય ખરેખર થાય નહિ. ૬૧.

✽

આચાર્ય મહારાજ કહે છે કે તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું કે તું તારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપી શકે તેમ છો અને તું પણ તેમ જોઈ શકે છો. આહાહા! કોણ જાણે આ ગાથામાં (પહેલી ગાથામાં) શું શું ભર્યું છે? કહે છે કે અમે કેવળી પાસે જે સાક્ષાત્ સાંભળ્યું છે ને શ્રુતકેવળી પાસે ચર્ચ્યું છે તથા અમને અનુભવથી બેઠું છે એવું આ સમય પ્રાભૃત જેને કહીશ તે સિદ્ધપણું પામશે જ. ૬૨.

✽

હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે, તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે, મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે, આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યગ્દર્શન ન થયું હોય, જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહિ. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહતભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો. જેમ સમયસાર ગાથા ૪માં કહ્યું છે કે મિથ્યાત્વનું એક છત્ર રાજ્ય ચાલે છે તેમ જ્ઞાયકનું એકછત્ર લક્ષ આવવું જોઈએ. ઉપયોગ જ્ઞાનમાં એકમાં ન ટકે તો દ્રવ્ય–ગુણ–પર્યાય આદિ વિચારમાં ફેરવે. ઉપયોગને બારીક કરે, ઉપયોગને સૂક્ષ્મ કરતો કરતો જ્ઞાયકના જોરથી આગળ વધે તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. ૬૩.

*

આહાહા! ભગવાન! તારામાં દેહ-મન-વાણી તો નથી જ અને રાગ પણ તારામાં નથી પણ અહીં તો એથી ઊંડી વાત કરે છે કે તારામાં શુદ્ધપર્યાય પ્રગટે છે, શુદ્ધપર્યાય વધે છે, પૂર્ણ શુદ્ધપર્યાય થાય છે—એવી ધ્યાનાવલી તારામાં હોવાનું શુદ્ધનય કહેતો નથી. એ પર્યાયો તારામાં નથી. તું તો ત્રિકાળીતત્ત્વ સદાય કલ્યાણ સ્વરૂપ શુદ્ધ જ છો. અરે પણ આ પંચમઆરો છે ને સભાને જોઈને વાત કરો! અરે ભાઈ સાંભળ... સાંભળ! અમે તો આત્માને જોઈને વાત કરીએ છીએ. ભગવાન આત્મા સદાય આનંદમય, સદાય વીર્યમય, સદાય શિવમય એવું પરમાત્મતત્ત્વ છે તેના વિષે દયા–દાન આદિ કરવાનું કહેતા તો લજ્જા આવે છે. અરે! તું એવડો મોટો પરમાત્મસ્વરૂપ સદાય કલ્યાણમય છો કે તારામાં ધ્યાન કરવાનું કહેતા પણ લજ્જા આવે છે. ૬૪.

*

એક કહે છે કે ક્રમબદ્ધપર્યાય હોય તો તો નિયત થઈ જાય છે, બીજો કહે કે ક્રમબદ્ધમાં અમારે રાગ આવવાનો હતો તે આવ્યો. તે બંને ભૂલ્યા છે. મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યાત્વને ઉલ્ટું પુષ્ટ કરીને નિગોદનો માર્ગ બંનેએ લીધો છે. જેને ક્રમબદ્ધ યથાર્થ બેઠું છે તેની દૃષ્ટિ પર્યાય ઉપરથી ખસીને આનંદમય આત્મા ઉપર છે તેને ક્રમબદ્ધમાં રાગ આવે છે તેનો જાણનાર રહે છે. જ્ઞાનાનંદસ્વભાવની દૃષ્ટિપૂર્વક જે રાગ આવે છે તે રાગ દુઃખરૂપ લાગે છે, તેણે ક્રમબદ્ધને યથાર્થ માન્યું છે. આનંદની સાથે દુઃખને મેળવે છે મીંઢવે છે કે અરે! આ રાગ દુઃખરૂપ છે—એમ ક્રમબદ્ધ માનનારો આનંદની દૃષ્ટિપૂર્વક રાગને દુઃખરૂપ જાણે છે, રાગની મીઠાસ ઊડી ગઈ છે. જેને રાગમાં મીઠાસ પડી છે અને પહેલાં અજ્ઞાનમાં રાગને ટાળવાની ચિંતા હતી તે પણ ક્રમબદ્ધ ક્રમબદ્ધ કરીને મટી ગઇ છે તેને તો મિથ્યાત્વની પુષ્ટિ વધી છે. મિથ્યાત્વને તીવ્ર કર્યો છે. રાગ મારો નથી એમ કહે અને આનંદસ્વરૂપની દૃષ્ટિ નથી તો તેણે તો મિથ્યાત્વને વધાર્યું છે. ભાઇ! આ તો કાચા પારા જેવું વીતરાગનું સૂક્ષ્મ રહસ્ય છે. અંતરથી પચાવે તો વીતરાગતાની પુષ્ટિ થાય અને તેનું રહસ્ય ન સમજે તો મિથ્યાત્વને પુષ્ટ કરે. ૬૫.

*

જેમ કૂતરાને કાનમાં કીડા પડે ને તેનું લક્ષ વારંવાર ત્યાં જ ગયા કરે તેમ જેને આત્મા પ્રાપ્ત કરવો છે તેનું લક્ષ વારંવાર આત્માની સન્મુખ ગયા કરે. આત્માની ધૂન ચાલ્યા કરે. બીજી ધૂન તો અનંતકાળથી ચડી ગઈ છે તો એકવાર આત્માની ધૂન તો જગાડ! અને છ માસ તો પ્રયત્ન કર! વારંવાર અંતર્મુખનો પ્રયત્ન કર તો જરૂર તને આત્માની પ્રાપ્તિ થશે. ૬૬.

*

એક વર્તમાન સમયનું લક્ષ છોડી દો તો વસ્તુ તો એકલી શુદ્ધ જ છે. વસ્તુ છે તે બીજી રીતે હોઈ શકે નહિ. વર્તમાન સમયનું લક્ષ છોડતા એકલા આનંદની મોજનો અનુભવ થાય છે. ૬૭.

*

આહાહા! તે તે દ્રવ્યની તે તે કાળની પર્યાય યોગ્યતા અનુસાર જ થાય છે, તે તેનો સ્વકાળ છે ત્યારે થાય છે. તે થવા કાળે બાહ્ય ચીજને નિમિત્તપણુનો આરોપ આવે છે. જો એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે તો બીજુ દ્રવ્ય કયાં રહ્યું? અનંત દ્રવ્યો અસ્તિરૂપ છે તે દરેકને ભિન્ન ભિન્ન અસ્તિરૂપે માને ત્યારે શ્રદ્ધા-જ્ઞાન સાચા થશે. ૬૮.

*

જ્ઞાનીને જે શુભભાવ આવે છે તે અશુભથી બચવા માટે આવે છે એમ જે કહેવામાં આવે છે તે તો લોકોને જરા સંતોષ થાય તે માટે કહેવામાં આવે છે. ખરેખર તો શુભરાગ તેના આવવાના કાળે જ આવે છે.

શ્રોતાઃ- તો પછી પ્રાયશ્ચિત્ત કેમ કરવામાં આવે છે?

પૂજ્ય ગુરુદેવઃ- તે બધી કહેવાની વાતો છે, કથનની પદ્ધતિ છે. ખરેખર તો એવો વિકલ્પ આવવાનો કાળ હતો એ જ આવ્યો છે અને વાણી પણ એવી જ નીકળવાની હતી એ જ નીકળી છે. બહુ સૂક્ષ્મમાં જઈએ તો ખરેખર તો શુભ વિકલ્પ અને પ્રાયશ્ચિત્તની વાણી નીકળવી અને ગુરુવાણી નીકળવી તે બધું પુદ્ગલનું સ્વાભાવિક કાર્ય છે, આત્માનું કાર્ય નથી. આત્મા તો એકલો જ્ઞાનસ્વભાવી છે. ૬૯.

*

પર્યાયને કબૂલીને પર્યાયનું લક્ષ છોડી દે અને દ્રવ્યને કબૂલીને દ્રવ્યનો વિકલ્પ પણ છોડી દે. પર્યાય આમ છે ને દ્રવ્ય આમ છે એવા જાણપણાના વિકલ્પો દુઃખરૂપ છે એ જાણીને તારે કરવું છે શું? આત્માનો અનુભવ કર એ એનો સાર છે. દ્રવ્ય આમ છે ને પર્યાય આમ છે એવી એકલી વાતુ, કરવાની વાત નથી, દ્રવ્યનો આશ્રય કરે ત્યારે દુઃખ-પર્યાયનું સાચું જ્ઞાન થશે. ૭૦.

*

જેમ ખોરાક લીધા વિના ચાલે નહિ, તેમ હંમેશા શાસ્ત્ર સ્વાધ્યાય હોવો જોઈએ. સ્વાધ્યાય એ તો આત્માનો ખોરાક છે. માટે તેનું રટણ લાગવું જોઈએ, તેનું વ્યસન હોવું જોઈએ. ૭૧.

*

આત્મા પરદ્રવ્યને કરી કે ભોગવી શકતો નથી એમ જાણીને પરદ્રવ્યનું કર્તા-ભોક્તાપણું છોડીને સ્વસન્મુખ થવાનું છે.

વિકારનો કર્તા કર્મ નથી-તેમ કહીને કર્મ તરફની પરાધીન દષ્ટિ છોડાવવી છે.

વિકારનો કર્તા જીવ નથી પણ કર્મ છે, કર્મ વ્યાપક થઈને વિકારને કરે છે—તેમ કહીને એક સમયના ઉપાધિ ભાવથી ભેદજ્ઞાન કરાવીને દ્રવ્ય ઉપર દષ્ટિ કરાવવી છે.

વિકાર તે સમયની યોગ્યતાથી થવાનો હતો તે જ થયો છે—તેમ કહીને એક સમયના વિકારનું લક્ષ છોડાવી દષ્ટિને દ્રવ્ય તરફ દોરી છે.

વિકાર પણ ક્રમબદ્ધમાં હતો તે થયો છે તેમાં તે ક્રમબદ્ધ પર્યાયના સ્વકાળનું સત્ પરિણમન બતાવી વિકારનું અકર્તાપણું બતાવીને જ્ઞાતા તરફ દષ્ટિ કરાવવી છે.

નિર્મળ પરિણામ પણ ક્રમબદ્ધ છે—તેમ બતાવી શુદ્ધ પર્યાયના એક અંશ ઉપરથી પણ લક્ષ છોડાવી ત્રિકાળી ધ્રુવ ઉપર લક્ષ કરાવવું છે.

પર્યાયનો કર્તા પરદ્રવ્ય નથી—તેમ કહીને પરદ્રવ્યથી દષ્ટિને છોડાવી સ્વદ્રવ્યમાં વાળી છે.

પર્યાયનો કર્તા સ્વદ્રવ્ય પણ નથી. પર્યાય પર્યાયના ષટ્કારકથી સ્વતંત્ર થાય છે.—એમ પર્યાયની સ્વતંત્રતા બતાવીને પર્યાય ઉપરનું લક્ષ છોડાવી દષ્ટિને દ્રવ્ય સન્મુખ કરાવવી છે.

વિકાર કે નિર્મળ પર્યાયનો કર્તા ધ્રુવ દ્રવ્ય નથી પણ પર્યાય જ પર્યાયનો કર્તા છે. બંધ-મોક્ષ પરિણામને ધ્રુવ દ્રવ્ય કરતું નથી—એમ બતાવીને પર્યાયની સન્મુખતા છોડાવી ધ્રુવની સન્મુખતા કરાવવી છે. ૭૨.

*

એકવાર પરને માટે તો મરી જવું જોઈએ. પરમાં મારો કાંઈ અધિકાર જ નથી. અરે ભાઈ! તું રાગને ને રજકણને કરી શકતો નથી એવો જ્ઞાતા-દષ્ટા પદાર્થ છો. એવા જ્ઞાતા-દષ્ટા સ્વભાવની દષ્ટિ કર, ચારે બાજુથી ઉપયોગને સંકેલીને એક આત્મામાં જ જા. ૭૩.

*

સમયસાર ગાથા ૫ માં આચાર્યદેવ કહે છે કે ગુરુના અનુગ્રહથી -કૃપાથી મને અંદરમાં આનંદનું જે પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું છે એ મારા નિજવૈભવથી એકત્વ-વિભક્ત આત્માને દેખાડું છું તેને તારા અનુભવથી પ્રમાણ કરજે. તારા ભગવાનમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટ થાય એવી શક્તિ ભરી છે તેને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. પંચમકાળ છે ને આવો અનુભવ ન થાય એમ ના પાડીશ નહિ. પ્રભુ! તું રાગાદિ બધું ભૂલી જા! ને તારા ભગવાનને ભૂલી ગયો છો તેને યાદ કર. ભાઈ! તું અમારી પાસે સાંભળવા આવ્યો છો ને તને અમારું બહુમાન ને ભક્તિનો રાગ છે એનાથી પણ તારો ભગવાન ભિન્ન છે તેને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. ભગવાન કેવળીનો અત્યારે વિરહ છે, કેવળજ્ઞાનનો વિરહ છે એને તું ભૂલી જા ને અનંતી કેવળજ્ઞાન પર્યાયની શક્તિ જેમાં ભરી છે એવા તારા ભગવાનને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. ૭૪.

*

પર્યાય આડી-અવળી થાય એટલે એની વ્યાખ્યા શું? મૂળ એને પુરુષાર્થ સૂઝતો નથી એટલે વાંધા આવે છે. ખરેખર તો પૂર્ણ પર્યાયે જાણ્યું છે એમ જ અહીં થાય છે-એમ નક્કી કરવા જાય ત્યાં પૂર્ણ પર્યાય જ્યાંથી નીકળી એવા શક્તિસ્વભાવ તરફ લક્ષ જાય છે ત્યાં હું પણ એવો જ સર્વજ્ઞ છું એમ પ્રતીત આવતા જ આ વાત તેને બેઠી છે. ૭૫.

*

અરે ભાઈ! તારા જેવું કોઈ ધનાઢય નથી! તારી અંદરમાં પરમાત્મા બિરાજે છે એથી વિશેષ ધનાઢયપણું શું હોઈ શકે? આવું પરમાત્મપણું સાંભળતાં એને અંદરથી ઉલ્લાસ ઉછળવો જોઈએ. એની લગની લાગવી જોઈએ. એને માટે ગાંડા થવું જોઈએ. આવા પરમાત્મસ્વરૂપની ધૂન લાગવી જોઈએ. સાચી ધૂન લાગે તો જે સ્વરૂપ અંદરમાં છે તે પ્રગટ થયા વિના કેમ રહે? જરૂર પ્રગટ થાય જ. ૭૬.

*

જે કાળે જે ગુણની વિકારી કે અવિકારી જે પર્યાય થવાની તે જ થવાની, એ તો વસ્તુસ્થિતિ જ છે. શુભરાગ કે અશુભરાગ જે આવવાનો તે જ આવવાનો, પણ ઉપદેશ એમ ન હોય...

પ્રશ્નઃ– પુરુષાર્થ કામ ન લાગે—ફેરવી ન શકે?

પૂજ્ય ગુરુદેવઃ– ફેરવી શું શકે? રાગની રુચિ ફેરવી નાખવી એ જીવના પોતાના અધિકારની વાત છે, પછી રાગ તો જે આવવાનો તે જ આવવાનો; પુરુષાર્થ આનીકોર ( – સ્વભાવની દિશામાં ) વાળવાનો છે. પુરુષાર્થ સ્વભાવની દિશામાં વળ્યો પછી પણ રાગ મંદ કે તીવ્ર જે આવવાનો તે જ આવવાનો. પણ તેનોય જ્ઞાતાપણે જાણનાર છે. અજ્ઞાનીને પણ રાગ જે આવવાનો તે જ આવવાનો પણ ઈ જે રાગ થાય છે તેનો કર્તા બને છે. ૭૭.

*

વારંવાર....આ નિર્વિકલ્પ આત્મા...નિર્વિકલ્પ આત્મા–એમ વારંવાર સાંભળે છે એનો અર્થ જ એ કે ઈ એને રુચે છે. અંદરમાં વિપરીત માન્યતા ઉપર ઘણ પડે છે સંસ્કારના, ઈ નિર્વિકલ્પ થશે જ. શાસ્ત્રમાં કહ્યું છે ને!–કે સમ્યગ્દર્શનના ધ્યાનથી સમ્યગ્દર્શન થાય છે. ૭૮.

*

સમયસારજી પ્રથમ હાથમાં આવતાં, કુંદકુંદ આચાર્યે મહાવિદેહમાં બિરાજતાં સીમંધર ભગવાનના સાક્ષાત્ દર્શન કરીને અહીં આવીને શાસ્ત્ર રચેલ છે તેથી તેમના આગમ પરમ માન્ય છે–એ ફુટનોટ વાંચતાં જ એમ થઈ ગયું કે "આ મારા ઘરની જ વાત છે." ૭૯.

*

આ તો અંતરમાંથી આવેલી વાતુ છે અને એમ જ છે. કુંદકુંદાચાર્ય અને સીમંધર ભગવાનના ભેટા પ્રત્યક્ષ થઈને આવેલ વાતુ છે. અદ્ધરો–અદ્ધરની વાતુ નથી. એ....આ વાતુ ક્રોડો ને અબજો રૂપિયા દેતાં મળે એવી નથી, ચક્રવર્તીના રાજ્ય ડુલે તોપણ મળે એવી નથી. ૮૦.

*

શ્રોતા:- સમ્યગ્દર્શન થતાં બધું વ્યવસ્થિત છે?

પૂજ્ય ગુરુદેવઃ- અમસ્તું પણ બધું વ્યવસ્થિત જ છે, પણ સમ્યગ્દર્શન થતાં એનાં નિર્ણયમાં આવી જાય છે કે બધું વ્યવસ્થિત જ છે. સમયસાર ગાથા ૩૦૮/૩૧૧માં જીવ અજીવનો કર્તા નથી એમ સિદ્ધ કર્યું છે, પણ ખરેખર તો જીવદ્રવ્ય છે એ એની પર્યાયનો પણ કર્તા નથી, કેમકે દ્રવ્યસ્વભાવ જ્યારે દૃષ્ટિમાં બેઠો એટલે બસ! બધું આવી ગયું.

દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિ છે તેના કારણે પર્યાય ઉત્પન્ન થશે, થાય છે તેને કરવું છે ક્યાં? અને જ્ઞાનગુણની પર્યાય પણ ક્રમબદ્ધમાં જે જાતનો રાગાદિ થશે તેને તે પ્રકારે જાણતી તે જ પ્રકારે ક્રમબદ્ધમાં આવશે. તે પર્યાય છે તેનો પણ કર્તા દ્રવ્ય નથી. પર્યાય તે સમયે થશે જ, પર્યાય તે સમયે આવશે જ, તેનો જ્ઞાની કર્તા નથી, પર્યાય જે કાળે થવાની છે તે થાય છે. તે પર્યાયનો કર્તા પર્યાય છે. જે પરિણમે છે તે કર્તા છે. દ્રવ્ય કાંઈ પરિણમતું નથી માટે કર્તા નથી.

ભાવશક્તિના કારણે દરેક ગુણની પર્યાય ભવનરૂપ થશે જ, પર્યાય હોય જ છે, હોય છે તેને કરવું છે ક્યાં? ખરેખર તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગઈ-દ્રવ્યનો સ્વીકાર થયો એટલે બસ! પર્યાય પ્રાપ્ત થઈ અને તે પણ તેનો પ્રાપ્ત થવાનો કાળ હતો. તે પર્યાયનો સ્વકાળ હતો, તેનો પણ કર્તા નથી કેમકે ભાવશક્તિના કારણે ભવન તો છે, તો છે એને કરવું શું?

આહાહા! દ્રવ્યની સન્મુખ દૃષ્ટિ થઈ પછી જે થવાનું છે તે થાય છે, તેને જાણે છે, એ જાણવાનું કામ સ્વતંત્ર થાય છે. આને જાણવું એવું પણ નથી, ભાવશક્તિ છે તે પર્યાય વિના હોય નહિ. ગુણીને પકડયો છે તેણે જે ભવન-પર્યાય હોય છે તેને કરવું છે ક્યાં? થોડી ઝીણી વાત આવી ગઈ છે, આ તો અંદરથી આવે છે. નવું નવું થાય છે તે થવાનું છે તે જ થાય છે, તેને કરવું છે ક્યાં? થાય છે-હોય છે તેને જાણે છે, એ જાણવાની પર્યાય પણ તે કાળે થવાની છે તે થાય છે, કેમકે દરેક ગુણની વર્તમાન પર્યાય ભાવ-

શક્તિના કારણે તે કાળે થાય જ છે. થાય છે તેને કરવું શું ? વસ્તુનું સ્વરૂપ એમ જ છે. ૮૧.

*

ભગવાન જિનેન્દ્ર સર્વજ્ઞની દિવ્યધ્વનિ આવી તેમાં સિંહનાદ આવ્યો ! શું આવ્યો ? કે હે જીવ ! તું સચ્ચિદાનંદ પરમાત્મસ્વરૂપ છો. પ્રભુ ! તું પોતે પરમાત્મસ્વરૂપ મારી જાતનો જ છો. બકરાંના ટોળામાં સિંહ ભળી ગયો હોય તેમ શુભાશુભ ભાવમાં ભગવાન ભળી ગયો છે તેને ભગવાન સર્વજ્ઞનો સિંહનાદ આવ્યો કે તું મારી જાતનો ભગવાન સ્વરૂપ છો તેમ જાણ ! ૮૨.

*

પર્યાયમાં સ્વકાળે જ મોક્ષ થાય છે, વહેલો કે મોડો થઈ શકે નહિ—એમ નક્કી કરવા જાય ત્યાં એની દષ્ટિ ધ્રુવ ઉપર જ જાય છે અને એમાં સ્વભાવ સન્મુખનો અનંત પુરુષાર્થ આવે છે અને ત્યારે જ પર્યાયના સ્વકાળનું સાચું જ્ઞાન થાય છે. આત્માના શ્રદ્ધા—જ્ઞાન સમ્યક્ થયા એને કાર્ય થઈ જ રહ્યું છે, પછી વહેલા મોડાનો પ્રશ્ન જ ક્યાં છે. ૮૩.

*

દરેક પદાર્થની પર્યાય ક્રમબદ્ધ થાય છે. દરેક જીવ કે જડની પર્યાયનો જે જન્મક્ષણ છે તે જ સમયે તે પર્યાય ક્રમબદ્ધ થાય છે, તેને ઇન્દ્ર. નરેન્દ્ર કે જિનેન્દ્ર પણ ફેરવવા સમર્થ નથી. આહાહા ! જીવ એકલો જ્ઞાતા જ છે. અહીં અકર્તાપણાની ઉત્કૃષ્ટતા બતાવે છે કે ઇશ્વર જગતનો કર્તા છે એ વાત તો જૂઠી છે જ અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકે એ પણ જૂઠું છે અને તે તે દ્રવ્ય તેની પોતાની પર્યાયને કે જે તેના જન્મક્ષણે—સ્વકાળે ક્રમબદ્ધ થવાની છે તેને આડી—અવળી કે આઘી—પાછી કરી શકે એમ પણ નથી. જે સમયે જે પર્યાય ક્રમબદ્ધ થવાની છે તેને અન્ય નિમિત્તની અપેક્ષા તો નથી જ પણ એના દ્રવ્યની પણ અપેક્ષા નથી. આવી વસ્તુની સ્થિતિ છે. ૮૪.

*

સાચા ભાવલિંગી મુનિને છઠ્ઠા ગુણસ્થાને જેટલા શુભ પરિણામ આવે છે તેને પણ જગપંથ નાટક સમયસારમાં કહ્યો છે. જેમને પ્રચુર આનંદનું વેદન છે, એવા ભાવલિંગી સંતના શુભ રાગને પણ જગપંથ કહ્યો છે કેમકે તે બંધનું કારણ છે અને તેમાં ધર્મ માને છે તે તો મિથ્યાદૃષ્ટિ જ છે. સમયસાર કળશ ૧૦૮ માં પણ કહ્યું છે કે વ્યવહાર ચારિત્ર હતું થકું જીવના શુદ્ધ પરિણમનનું ઘાતક છે, દુષ્ટ છે, અનિષ્ટ છે, તેથી વિષય-કષાયની માફક નિષેધ્ય છે; ઉપાદેય નથી. તેથી શુભ ક્રિયારૂપ યતિપણાનો ભરોસો છોડી શુદ્ધ ચૈતન્યસ્વરૂપને અનુભવવા યોગ્ય છે. ૮૫.

*

યોગીન્દ્રદેવ કહે છે કે અરે જીવ! હવે તારે ક્યાં સુધી સંસારમાં ભટકવું છે? હજુ તું થાકયો નથી! હવે તો આત્મામાં આવીને આત્મિક આનંદને ભોગવ! આહાહા! જેમ પાણીના ધોરીયા વહેતા હોય તેમ આ ધર્મના ધોરીયા વહે છે. પીતા આવડે તો પી. ભાઈ! સારા કાળે તો કાલનો કઠીયારો હોય તે આજે કેવળજ્ઞાન પામે એવો તે કાળ હતો. જેમ પુણ્યશાળીને પગલે પગલે નિધાન નીકળે તેમ આત્મપિપાસુને પર્યાયે પર્યાયે આત્મામાંથી આનંદના નિધાન મળે છે. ૮૬.

*

જેને આત્માની ખરેખર રુચિ જાગે તેને ચોવીશે કલાક એનું એ ચિંતન, ઘોલન ને ખટક રહ્યાં જ કરે, ઊંઘમાં પણ એનું એ રટણ ચાલ્યા કરે. અરે! નરકમાં પડેલો નારકી ભીષણ વેદનામાં પડયો હોય અને પૂર્વે સત્ સાંભળ્યું હોય તેનું સ્મરણ કરી ફડાક દઈને અંદરમાં ઉતરી જાય છે, એને પ્રતિકૂળતા નડતી જ નથી ને! અને સ્વર્ગની અનુકૂળતામાં પડયો હોય તોપણ અનુકૂળતાનું લક્ષ છોડી અંદરમાં ઉતરી જાય છે, અને અહીં જરાક પ્રતિકૂળતા હય તો અરે મારે આમ છે ને તેમ છે—તેમ કરી કરીને અનંત કાળ ગુમાવ્યો! હવે એનું લક્ષ છોડીને અંદરમાં ઉતરી જા ને! ભાઈ! આના વિના બીજો કોઈ સુખનો માર્ગ નથી. ૮૭.

*

શ્રોતાઃ–પરની પર્યાયને તો કરે નહિ પણ પોતાની પર્યાયને પણ કરે નહિ?

પૂજ્ય ગુરુદેવઃ–પોતાની પર્યાય પણ સ્વકાળે થાય જ છે તેને કરે શું? ખરેખર તો એ જ્ઞાતાદૃષ્ટા જ છે. પ્રયત્નપૂર્વક મોક્ષને કર એમ કથન આવે, કમર કસીને મોહને જીતવો એમ ભાષામાં આવે પણ ખરેખર તો એની દૃષ્ટિમાં દ્રવ્ય આવ્યું એટલે એ જ્ઞાતાદૃષ્ટા જ છે. જ્ઞાતાદૃષ્ટામાં અનંતો પુરુષાર્થ છે. ૮૮.

*

ભાઈ! તારા માહાત્મ્યની શી વાત! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત! અહો! મારી તાકાત તે કેટલી? જેમાં નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી? રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ, પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ–એમ એને પ્રતીતિ આવતાં, હું સર્વજ્ઞ થઈશ ને અલ્પજ્ઞ નહિ રહી શકું એમ એને ભરોસો આવી જાય છે. ૮૯.

*

એક ગામથી બીજે ગામ જાય તોય ભાતું સાથે લઈને જાય છે તો બીજા ભવમાં જવા માટે કાંઈ ભાતું હોય કે નહિ? શ્રદ્ધા–જ્ઞાનનું ભાતું સાથે લઈને જવું જોઈએ, બાયડી સામે જોવે તો પાપ, છોકરા સામું જોવે તો પાપ, પૈસા સામું જોવે તો પાપ, પર સામું જોતાં બધે પાપ...પાપ...ને...પાપ છે. અરે! ક્યાં એને જવું છે? રાગ અને હું એક છું એવું મિથ્યાત્વનું ભાતું લઈને જવું છે? રાગથી ભિન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ હું છું એવું ભાતું સાથે લઈ જાય તો આગળ વધવામાં એને કામ આવશે. અંદરમાં અસંખ્ય પ્રદેશમાં ઊંડે ઊંડે તળીયે ધ્રુવમાં પર્યાયને લઈ જવાની છે. એ તો ધીરાના—વીરાના કામ છે. ૯૦.

*

સમયસારની પહેલી ગાથામાં જ કહ્યું કે અનંતા સિદ્ધોને મારા જ્ઞાનમાં સ્થાપું છું. ઉપર સિદ્ધલોકમાં અનંતા સિદ્ધો તો છે જ પણ એથી પોતાને શું? તેથી કહ્યું કે મારા જ્ઞાનમાં અનંતા સિદ્ધોને સ્થાપું છું–પધરાવું છું. આહાહા! પહેલી ગાથામાં જ આ વાત નાખી છે, રાગ છે ને અલ્પજ્ઞતા છે તેને યાદ ન કર્યો પણ પૂર્ણતાનું સ્થાપન કર્યું.! ૯૧.

*

શ્રોતાઃ–આત્મા માત્ર જાણનાર જ છે તો આમાં કાંઈ કરવાનું જ નહિ?

પૂજ્ય ગુરુદેવઃ–અરે ભાઈ! આમાં તો પાર વિનાનું કરવાનું છે. દેહ આદિ પરદ્રવ્યો તરફ જે લક્ષ જાય છે તે લક્ષને જાણનાર એવા આત્માને જાણવામાં વાળવાનું છે. આત્માને જાણવામાં તો અનંત પુરુષાર્થ આવે છે. ૯૨.

*

શ્રોતાઃ– આત્માની દૃષ્ટિ કરવા ધારે ત્યારે થાય કે જ્યારે થવાની હોય ત્યારે થાય?

પૂજ્ય ગુરુદેવઃ– જ્યારે આત્માની દૃષ્ટિ કરવા ધારે ત્યારે થાય પણ એ થવાની હોય ત્યારે જ થાય છે. જ્યારે કરવા ધારે ત્યારે થાય એટલે સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ કરે ત્યારે કાળલબ્ધિ આદિ પાંચે સમવાય સાથે જ હોય. કાળલબ્ધિનો નિર્ણય કરનારો પુરુષાર્થ જાગે ત્યારે નિર્ણય થાય. ૯૩.

*

સિદ્ધાંત તો એમ કહે છે કે છએ દ્રવ્યની પર્યાયનો જન્મક્ષણ હોય છે, જે સમયે પર્યાય થવાનો કાળ છે તે જ સમયે પર્યાય થાય છે એ પર્યાય પરદ્રવ્યથી ન થાય, નિમિત્તથી ન થાય. પોતાના દ્રવ્યથી પણ ન થાય, પણ પર્યાયની યોગ્યતારૂપ જન્મક્ષણે સ્વકાળથી પર્યાય થાય છે એમ ભગવાનનો પોકાર છે ને અનંત દ્રવ્યોનો આવો જ સ્વભાવ છે. ૯૪.

*

કુંભારનો હાથ અડતો જાય અને માટીનો આકાર ઘડારૂપે થતો જાય ને કહે કે કુંભાર ઘડાનો કર્તા નથી, અજ્ઞાનીને એ બેસે કેમ? પણ ભાઈ! કુંભાર અને માટી તે બે તત્ત્વો જુદે જુદા છે. એક તત્ત્વ બીજા તત્ત્વને કરે શું? જેમ દ્રવ્યનો કોઈ કર્તા નથી તેમ દ્રવ્યની પર્યાયનો પણ અન્ય કોઈ દ્રવ્ય કર્તા નથી. ૯૫.

*

હે જિજ્ઞાસુ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છો. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો. માટે સંદેહ ન કર, નિ:સંદેહ થા. વિશ્વાસ લાવ. પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે. તું પૂરણ પરમાત્મતત્ત્વ છો ને તે-પણે પરિણમવાને લાયક જ છો. ૯૬.

*

ભાઈ! તું પંચમ કાળે ભરતક્ષેત્રે ને ગરીબ ઘરે જન્મ્યો છો એથી અમારે આજીવિકા આદિનું શું કરવું એમ ન જો! તું અત્યારે અને જ્યારે જો ત્યારે સિદ્ધ સમાન જ છો, જે ક્ષેત્રે ને જે કાળે જ્યારે જો ત્યારે તું સિદ્ધ સમાન જ છો. મુનિરાજને ખબર નહિ હોય કે બધા જીવો સંસારી છે? ભાઈ! સંસારી અને સિદ્ધ એ તો પર્યાયની અપેક્ષાથી છે. સ્વભાવે તો એ સંસારી જીવો પણ સિદ્ધ સમાન શુદ્ધ જ છે. ૯૭.

*

હું જ્ઞાયક છું...જ્ઞાયક છું...જ્ઞાયક છું—એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું. જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. આહાહા! એ પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી બહુ કઠણ છે. અનંતો પુરુષાર્થ માગે છે. જ્ઞાયકતળમાં પર્યાય પહોંચી, આહાહા! એની શી વાત! એવો પૂર્ણાનંદ નાથ પ્રભુ! એની પ્રતીતિમાં, એના વિશ્વાસમાં-ભરોસામાં આવવો જોઈએ કે અહો! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન તે હું જ! ૯૮.

*

प्रभु मेरे तूं सब बाते पूरा,
પરકી આશ કહાં કરે પ્રીતમ ! યે કીણ બાતે અધૂરા ?

આહાહા ! પ્રભુ તૂં પૂરો છો, તારા પ્રભુત્વ આદિ એક એક ગુણ પૂરણ છે. તારી શક્તિની શું વાત કરવી? તું કોઈ ગુણે અધૂરો નથી, પૂરેપૂરો છો. તારે કોના આધારની જરૂર છે? આહાહા ! એને આવી ધૂન ચડવી જોઈએ. પહેલા આવા સ્વભાવનો વિશ્વાસ આવવો જોઈએ. પછી દૃષ્ટિ ને અનુભવ થાય. ૯૯.

*

સમયસાર ગાથા ૫૦ થી ૫૫ માં અનુભૂતિને આત્મા કહ્યો છે ત્યાં જેટલા વિકલ્પો ઉઠે છે તેનાથી ભિન્ન અને સ્વથી અભિન્ન કહેવું છે, તેથી અનુભૂતિની નિર્મળ પર્યાયને આત્મા કહ્યો છે. પણ જ્યારે એ અનુભૂતિ કેમ પ્રગટે છે તે બતાવવું હોય ત્યારે તો ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય તે સ્વ છે ને તેનો આશ્રય કરનાર પર્યાય તે પર છે, ભિન્ન છે તેમ નિયમસાર ગાથા ૫૦માં કહ્યું છે. એ અનુભૂતિની નિર્મળ પર્યાય ધ્રુવ દ્રવ્યને સ્પર્શતી નથી ને ધ્રુવ દ્રવ્ય અનુભૂતિને સ્પર્શતું નથી. અહો ! આ તો પરમ અધ્યાત્મના અંદરના ગંભીર સૂક્ષ્મ ભાવો છે. જાણનક્રિયા અને ત્રિકાળી ધ્રુવદ્રવ્ય એ એક બીજાને સ્પર્શતા નથી, છતાં જાણનક્રિયાનો આધાર આત્મદ્રવ્ય છે. ૧૦૦.

*

શરીરના એક એક તસુમાં ૯૬-૯૬ રોગ છે, એ શરીર ક્ષણમાં દગો દેશે, ક્ષણમાં છુટી જશે. કાંઈક સગવડતા હોય ત્યાં ઘુસી જાય છે, પણ ભાઈ! તારે ક્યાંક જવું છે ત્યાં કોનો મહેમાન થઈશ ? કોણ તારું ઓળખીતું હશે? એનો વિચાર કરીને તારું તો કાંઈક કરી લે ! શરીર સારું હોય ત્યાં સુધી આંખ ઉઘડે નહિ ને ક્ષણમાં દેહ છૂટતાં અજાણ્યા સ્થાને હાલ્યો જઈશ! નાની નાની ઉંમરના પણ ચાલ્યા જાય છે માટે તારું કાંઈક કરી લે! શાસ્ત્રમાં કહ્યું છે કે વૃદ્ધાવસ્થા જ્યાં સુધી ન આવે, શરીરમાં વ્યાધિ જ્યાં સુધી ન આવે અને ઇન્દ્રિયો જ્યાં સુધી ઢીલી ન પડે ત્યાં સુધીમાં આત્મહિત કરી લેજે. ૧૦૧.

*

પહેલાંમાં પહેલાં તું તને ઓળખ, પહેલાં દેવ-શાસ્ત્ર-ગુરુને ઓળખ ને પછી આત્માને ઓળખ એમ નથી કહ્યું. તું કોણ છો? કેવડો છો? કેવો છો? ક્યાં છો? તારી હયાતીમાં આ બધું જણાય છે એનો જાણનાર તું કેવો ને કેવડો છે? એ પહેલાં ઓળખીને ભેદવિજ્ઞાન પ્રગટ કર. પરની અપેક્ષા વિના રાગથી ભિન્ન ભેદજ્ઞાન કરવાની તારી શક્તિ છે. એ શક્તિને લક્ષમાં લઈને રાગથી ભેદજ્ઞાન કર એમ કહ્યું છે, પણ એમ નથી કહ્યું કે પહેલાં તું દેવ-ગુરુની ભક્તિ-બહુમાન કર. પહેલાં તું તારું બહુમાન કર તો તને દેવ-ગુરુ નિમિત્ત છે તેનું બહુમાન સાચું આવશે. ૧૦૨.

*

છ એ દ્રવ્ય તે જ્ઞેય છે, તેનો સ્વભાવ એવો છે કે જે કાળે જે થાય તે તેનો જન્મક્ષણ છે. છ એ દ્રવ્ય જ્ઞેય છે, તેની પર્યાય તેના સ્વકાળે-જન્મક્ષણે જે થાય છે તેને કરવી છે ક્યાં? તેને જાણે છે; તે જાણું છું એ હું, પણ કરું છું એ કરવું પણ ક્યાં છે? કરવું એ વસ્તુમાં જ નથી, થાય છે તેને કરું છું એ શું? ત્રિકાળી દ્રવ્યનો આશ્રય કર્યો એટલે બસ! બધું આવી ગયું દ્રવ્યની દૃષ્ટિ થઈ એટલે બધું પતી ગયું! આ વસ્તુસ્વભાવ ઉપર દૃષ્ટિ ન જાય તો એણે જીવનમાં શું કર્યું? કાંઈ કર્યું નથી. ૧૦૩.

*

ભાઈ! બાપુ! આ ચોરાશીના અવતારમાં રખડતો રખડતો માંડમાંડ માણસનો ભવ મળ્યો, પણ બાવીશ ત્રેવીશ કલાક તો ખાવામાં પીવામાં કમાવવામાં ને બાયડી છોકરાને રાજી રાખવામાં એકલા પાપમાં જાય ને માંડ એકાદ કલાક કાંઈક સાંભળવામાં જાય. બાકી આખો દિવસ એકલા પાપ...પાપ...ને પાપના ધંધા કરે, જેમ એરણની ચોરી કરીને સોયનું દાન દે તેના જેવું છે. એને કાંઈક અંદરથી ચોરાશીના અવતારનો ત્રાસ લાગે તો અંદરમાં વિસામાનું સ્થાન શોધે. ૧૦૪.

*

આનંદનો નાથ એવા શુદ્ધાત્માની પ્રેમથી વાત સાંભળે છે તેને ભાવી નિર્વાણનું ભાજન કહ્યું છે. એને સાંભળતા દેહથી ભિન્ન છું, કર્મથી ભિન્ન છું, રાગથી ભિન્ન છું ને પોતાથી પરિપૂર્ણ છું એ વાત એને બેસવી જોઈએ, હકાર આવવો જોઈએ. આમાં કાંઈ મુંઝાવા જેવું નથી, સાંભળીને હા પાડતાં હકાર આવતાં અંદર સંસ્કાર પડતાં જાય છે ૧૦૫.

*

આખા સિદ્ધાંતનો સારમાં સાર તો બહિર્મુખતા છોડી અંતર્મુખ જવું તે છે. શ્રીમદે કહ્યું છે ને! "ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર, અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર." જ્ઞાનીના એક વચનમાં અનંતી ગંભીરતા ભરી છે. અહો! ભાગ્યશાળી હશે તેને આ તત્ત્વનો રસ આવશે અને તત્ત્વના સંસ્કાર ઊંડા ઊતરશે. ૧૦૬.

*

જ્ઞાયકને ભજતાં કોઈ દિ' કોઈ પાછા પડયા છે? પાછા પડે એમ બને જ નહિ, એમ વીરવાણી કહે છે. એકલો ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ છે, એ ભગવાનનું મૂલ્ય છે, એક સમયની પર્યાયનું પણ મૂલ્ય નથી. ત્રિકાળ ભગવાન મૂલ્યવાન છે એના મૂલ્ય છે. જ્ઞાનમાં એના સંસ્કાર નાખ! તેનું ફળ તને આવશે, મુંઝાવા જેવું નથી. ભાઈ! જન્મ-મરણ રહિત થવાની વાતો બહુ અલૌકિક છે. ૧૦૭.

*

અહો! ભગવાનના વિરહ અહીં પડયા ને તત્ત્વની વિપરીત શ્રદ્ધા-આચરણવાળાને રોકનાર કોઈ રહ્યું નહિ. વસ્તુ અંતરની છે ને લોકો બાહ્ય ક્રિયાકાંડમાં ચડી ગયા! ભાઈ! અમે તો વસ્તુનું સ્વરૂપ જે સત્ય છે તે કહીએ છીએ, એથી વિપરીત શ્રદ્ધાવાળાને ન રુચે તો માફ કરજો. ભાઈ! વિપરીત શ્રદ્ધાના ફળ બહુ આકરાં છે તેથી તો શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે કે અમારા દુશ્મનને પણ દ્રવ્યલિંગ ન હો! અમારે વ્યક્તિગત કોઈની સાથે વિરોધ નથી. તે બધા પણ દ્રવ્ય-સ્વભાવે તો પ્રભુ છે. એથી દ્રવ્યે તો તેઓ સાધર્મી છે. તેથી અમને સમભાવ છે. ૧૦૮.

*

પ્રમાણજ્ઞાનના લોભથી નિશ્ચયમાં આવી શકતો નથી, ત્યાં એમ કહેવું છે કે અજ્ઞાની પર્યાયનું અને દ્રવ્યનું જ્ઞાન કરવા જાય છે ત્યાં અનાદિના અભ્યાસથી પર્યાયમાં અહંપણાનું જોર રહેવાથી દ્રવ્યનું જ્ઞાન સાચું થતું નથી. અજ્ઞાનીને એમ થાય છે કે પર્યાય છે ને! પર્યાય છે તો ખરી ને! એમ પર્યાય ઉપર જોર આપવાથી દ્રવ્ય ઉપર જોર આપી શકતો નથી અને તેથી અંદરમાં ઢળી શકતો નથી. પર્યાય નહિ માનું તો એકાન્ત થઈ જશે એવો ભય રહે છે. આ રીતે પ્રમાણ જ્ઞાનના લોભથી પર્યાયને ગૌણ કરી દ્રવ્ય સન્મુખ ઢળી શકતો નથી. ૧૦૯.

*

અરે આત્માઓ! તમે સાધારણ છો એમ ન માનો! જેને પૂર્ણ દશા પ્રગટી ગઈ છે એવા સર્વજ્ઞ પરમાત્મા એમ કહે છે કે અરે જીવો! તમે મારી નાતના ને જાતના પૂર્ણ પ્રભુ છો તેને તમે ઊણો કે હીણો ન માનો. અંતરમાં પૂરણ પ્રભુ છો એમ માનો! ૧૧૦.

*

ધીરો થઈને જ્ઞાનને જરા વિચારમાં રોક, જેને ભૂલવું છે, જેને મૂકવું છે, જેને છોડવું છે, તેને બધાને ભુલીને વિચાર કર. ગમે ત્યારે પરને તો તારે છોડવાનું જ છે તો અત્યારે જ એને ભૂલીને તું તને સંભાળ. ૧૧૧.

*

આખી દુનિયાનો ભાર માથે ઉપાડીને ચાલે તેને પ્રભુ કહે છે કે રાગનો એક કણ જે પરના લક્ષે થાય છે તેનો કર્તા આત્મા નથી. આહાહા! આ વાત કોને બેસે! જેને ભવના દુઃખોથી અંદર ત્રાસ ત્રાસ થતો હોય એને પ્રભુની આ વાત અમૃત જેવી લાગે. ૧૧૨.

*

સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. તેઓએ પહેલાં બહારથી નજર સંકેલીને અંદરનો વિસ્તાર કર્યો હતો. તું પણ બહારથી સંકેલો કરી નાખ. હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. આહાહા! દિગંબર સંતોની કથન શૈલી અલૌકિક છે! ૧૧૩.

*

અહો ! આ મનુષ્યપણામાં આવા પરમાત્મસ્વરૂપનો માર્ગ સેવવો, આદર કરવો એ જીવનની કોઈ ધન્ય પળ છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાયક જ છે, એ એને ભાસમાં આવે, ગમે તેવા પ્રસંગમાં પણ હું જ્ઞાયક છું.. જ્ઞાયક છું એમ ભાસમાં આવે, જ્ઞાયકનું લક્ષ રહે તો તે તરફ ઢળ્યા જ કરે. ૧૧૪.

*

અરે પ્રભુ ! નિમિત્તથી ઉપાદાનમાં કાંઈ કાર્ય થતું જ નથી. જ્ઞાન થવાની યોગ્યતા અનુસાર સમયસાર આદિ નિમિત્ત તો સહજ હોય છે. દરેક દ્રવ્યની પર્યાય તે તે સમયની યોગ્યતાથી જ સ્વતંત્ર કાર્ય રૂપે પરિણમે છે. તેમાં નિમિત્તભૂત અન્ય દ્રવ્ય અકિંચિત્કર છે. " યોગ્યતા જ સર્વત્ર શરણરૂપ છે. " કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યને લાવી શકે કે અન્ય દ્રવ્યમાં ફેરફાર કરી શકે કે ક્ષેત્રાંતર કરી શકે છે તેમ માનનાર સર્વજ્ઞની આજ્ઞા બહાર છે. મિથ્યાદૃષ્ટિ છે. દર્શનમોહથી મિથ્યાત્વ થયું, જ્ઞાનાવરણીથી જ્ઞાન હીણું થયું આદિ કથનો શાસ્ત્રમાં આવે છે તે તો ઉપાદાનથી થતાં કાર્ય કાળે નિમિત્ત કેવું હોય છે તેનું જ્ઞાન કરાવવા વ્યવહારથી કથન કરવામાં આવે છે. ૧૧૫.

*

ચોરાશીના ભવભ્રમણ છોડાવનારી, ત્રણલોકના નાથની વાણી સાંભળવા આવે તેને દેવ-શાસ્ત્ર-ગુરુનો કેટલો વિનય જોઈએ ? સ્વર્ગેથી ઇન્દ્રાદિ દેવો ભગવાનની વાણી કેટલા વિનય ભક્તિ ને નરમાશથી સાંભળે છે ! જિનવાણી સાંભળતી વખતે શાસ્ત્રનો વિનય ને બહુમાન રાખવા જોઈએ, શાસ્ત્રને નીચે મુકાય નહિ, શાસ્ત્રની ઉપર કોણીનો ટેકો દેવાય નહિ, પગ ઉપર પગ ચડાવીને શાસ્ત્ર શ્રવણ કરવા બેસાય નહિ, રૂમાલ કે પાના આદિથી હવા ખવાય નહિ, ઝોલા ખવાય નહિ, પ્રમાદથી બેસાય નહિ વિગેરે વિગેરે કેટલાય વિનય-બહુમાન-ભક્તિ હોય ત્યારે તો જિનવાણી શ્રવણની પાત્રતા છે. વ્યવહાર પાત્રતા જેમ છે તેમ છે જાણવી જોઈએ. ૧૧૬.

*

હું લાયક નથી...લાયક નથી એમ એના નકારે વાત અટકી છે. પણ એને અંદરથી એમ આવવું જોઈએ કે હું આ ક્ષણે જ પરમાત્મા થવાને લાયક છું એવો અંદરથી વિશ્વાસ આવવો જોઈએ. આ વાતની જે હા પાડે છે, અંદરથી હકાર આવે છે, તે જીવને રાગથી છૂટો પડવાની શરૂઆત થઈ ગઈ છે, છૂટો પડતો જાય છે એટલે નૈગમનયે છૂટો પડી ગયો તેમ શાસ્ત્રમા કહ્યુ છે. ૧૧૭

*

આ તત્ત્વની વાત ઉપર ટપકે સાંભળી લેવાથી બેસે તેવી નથી, એને માટે અભ્યાસ જોઈએ.

શ્રોતાઃ–અભ્યાસ એટલે શું કરવું ?

પૂજ્ય ગુરુદેવઃ–શાસ્ત્ર વાંચન, શ્રવણ, સત્‌સમાગમ કરવો જોઈએ.

શ્રોતાઃ–એ બધો અભ્યાસ સમ્યગ્દર્શન પામવા માટે તો અકિંચિત્‌કર છે ને ?

પૂજ્ય ગુરુદેવઃ–ભલે સમ્યગ્દર્શન આત્માના લક્ષે જ થાય છે, તોપણ સ્વાધ્યાય, શ્રવણ, સત્સમાગમ આદિનો વિકલ્પ આવે જ, ભલે તેમાં પરલક્ષી જ્ઞાન નિર્મળ થાય છે. શાસ્ત્રમાં અનેક ઠેકાણે આવે છે કે આગમનો અભ્યાસ કરવો, સ્વના લક્ષે આગમનો અભ્યાસ કરવો. જેને આત્મા જોઈતો હોય તેને આત્મા બતાવનાર એવા દેવ-શાસ્ત્ર-ગુરુના સમાગમનો વિકલ્પ આવે જ. ૧૧૮.

*

જેમ છોકરો રોતો હોય તેને તેનો બાપ કહે ભાઈ! તું રો નહિ, જો તારો પેંડો આખો એવો ને એવો જ છે, જો ખુશી થા ! તેમ આચાર્યદેવ ભવ્યને કહે છે કે હે આત્મા! તું પ્રસન્ન થા ! ખુશી થા ! જો તારો આત્મા ત્રણે કાળે એવો ને એવો શુદ્ધ જ છે. દેહાદિ કે રાગાદિ આત્માને અડયા જ નથી, સ્પર્શ્યા જ નથી. રાગાદિ તો ઉપર ઉપર લોટે છે. માટે ભાઈ! તું ખુશી થા ! ને પ્રસન્ન થઈને જો! તારો આત્મા શુદ્ધ ચૈતન્યઘન જ છે. ૧૧૯

*

શુદ્ધ નિશ્ચયનયના બળથી વ્યવહારનયને હેય કહ્યો છે, તે હેયરૂપ વ્યવહારનયના વિષયમાં ઉદય આદિ ચાર ભાવો આવી જાય છે. ચૌદ જીવસ્થાનો અને ચૌદ માર્ગણાસ્થાનો અને ચૌદ ગુણસ્થાનો પણ આવી જાય છે. એ બધાને શુદ્ધ નિશ્ચયનયના બળથી હેય ગણવામાં આવે છે. અરે! સંસાર અને મોક્ષ એ બધી પર્યાયો હોવાથી ત્રિકાળી શુદ્ધ જીવ વસ્તુમાં તેનો અભાવ હોવાથી તેને વ્યવહાર જીવ ગણીને હેય કહ્યા છે. આહાહા! ગજબ વાત કરી છે. નિમિત્તને તો પર સ્વભાવ ગણી પર દ્રવ્ય ગણીને હેય કહેવામાં આવે છે અને રાગને પણ પરસ્વભાવ ગણી પરદ્રવ્ય ગણીને હેય કહેવામાં આવે છે પણ અહીં નિયમસાર ગાથા ૫૦ માં તો નિર્મળ પર્યાયને પણ પરસ્વભાવ કહી પરદ્રવ્ય કહીને હેય કહી છે. આહાહા! આચાર્યદેવે અંતરના મૂળ માખણની વાત ખુલ્લી કરી દીધી છે. નિર્મળ પર્યાય ઉપર લક્ષ જતાં વિકલ્પ ઉઠે છે, તેથી તેનું લક્ષ છોડાવવાના હેતુથી તેને પરસ્વભાવ ને પરદ્રવ્ય કહીને હેય કહી છે. ૧૨૦.

*

સર્વજ્ઞો, સંતો, શાસ્ત્રો, પોકાર કરીને એમ કહે છે કે પહેલાંમાં પહેલાં આત્માને જાણવો, આત્માને અનુભવવો, એના વિના એક ડગલું પણ આગળ નહિ ચાલે. આત્માનું પરમાર્થસ્વરૂપ બતાવવા સીધી વાત કરી છે કે પહેલાંમાં પહેલાં આત્માને જાણીને અનુભવ કર. સમયસારની ગાથા ૫ માં પણ કહ્યું કે હું કહું છું તેનો અનુભવ કરીને પ્રમાણ કરજે. ૧૨૧.

*

શ્રદ્ધા જ્ઞાનમાં હા તો પાડ કે આ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય તે જ હું છું. જેની રુચિ આત્મામાં જામી છે. જ્ઞાનસ્વરૂપ જ છું તેમ રુચિમાં બેઠું છે. તે કામ કરીને આગળ વધી જશે અને જેને આ પરમ સત્ય નહિ બેસે તે પાછળ પડયા રહેશે. આત્મા સમજવા માટે કેટલીક તો એને રાગની મંદતા હોવી જોઈએ, રાગની તીવ્રતામાં તો આત્મા સમજવામાં આવતો નથી. એથી રાગની મંદતાને વ્યવહાર કહેવામાં આવે છે. ૧૨૨

*

આત્મા પરદ્રવ્યની પર્યાય તો આઘી પાછી કરી શકતો નથી પણ પોતામાં ક્રમસર થતી પર્યાયને પણ આઘી પાછી કરી શકતો નથી, માત્ર જાણનાર જ્ઞાતા જ છે. દયા-દાન-પુજા-ભક્તિનો રાગ થાય તેને પરજ્ઞેય તરીકે જાણે છે. આંખ દેખવા સિવાય શું કરી શકે? તેમ જ્ઞાન જાણવા સિવાય શું કરી શકે? ૧૨૩.

*

ઉંદર ફુંકી ફુંકીને પગ આદિ ખાય છે ને! ઉંદર ફુંક મારીને કરડે એટલે નિંદ્રમાં પડેલને ખબર પડતી નથી. તેમ આ બૈરા-છોકરા આદિ વખાણ કરી કરીને ખાય છે એટલે મૂઢને ખબર પડતી નથી!

શ્રોતા :—આ તો બધાના ઘરમાં ઝઘડા થાય તેવું છે!

પૂજ્ય ગુરુદેવ :—શાસ્ત્રકાર પણ કહે છે ને!—કે કુટુંબીજનો ધુતારાની ટોળી છે. ભાઈ! જેને સર્પનું ઝેર ચડયું હોય તેને કડવો લીમડો પણ મીઠો લાગે છે. તેમ સંસાર ઝેર સમાન હોવા છતાં મોહી જીવને તે મીઠો લાગે છે. તેથી તેને જિનવાણીનું અમૃતપાન કરાવી નિર્મોહી બનાવવા વસ્તુસ્થિતિની જેમ વાત છે તેમ કહેવાય છે. અહીં તો ભવનો અભાવ કરવાની ને પરભવ સુધારવાની વાતો છે. ૧૨૪.

*

જેમ કોરા માટીના વાસણમાં પાણીના ટીપા પડતાં પાણી ચૂસાઈ જાય છે, પાણી દેખાતું નથી, પણ વધુ પાણી પડતાં પાણી બહાર દેખાય છે. તેમ આ પરમાત્મતત્ત્વની વાત સાભળતાં સાંભળતાં હું જ્ઞાયક છું... જ્ઞાયક છું...એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે તો મિથ્યાત્વ-ભાવનો રસ મંદ પડતો જાય છે. હજુ ભૂમિકા મિથ્યાત્વની છે, પણ મિથ્યાત્વનો અભાવ થવાના સંસ્કાર પડતાં જાય છે. શુભભાવથી મિથ્યાત્વનો રસ ભવી-અભવીને અનંતી વાર મંદ પડ્યો છે. પણ આ જ્ઞાયકના સંસ્કારથી મિથ્યાત્વ ભાવનો અભાવ થવાના સંસ્કાર પડે પછી એકદમ સ્વભાવનો આશ્રય લેતાં, સ્વાનુભવ થતાં, મિથ્યાત્વનો અભાવ થાય છે. ૧૨૫.

*

આહાહા ! આઠ વર્ષનો બાળક હોય, નિગોદમાંથી નીકળીને એકાદ ભવ વચ્ચે કર્યો હોય ને મનુષ્ય થઈ આઠ વર્ષે સમ્યગ્દર્શન પામે, અંતર્મુહૂર્તમાં મુનિ થાય ને અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામે ને અંતર્મુહૂર્તમાં મુક્તિ પામે. આહાહા ! સ્વભાવ છે ને ! એ ચૈતન્ય-સ્વભાવના સામર્થ્યની શી વાત ! સંસારના વિકલ્પોનો સ્વભાવમાં પ્રવેશ જ નથી. ૧૨૬.

*

મુનિઓ કહે છે કે અરે પ્રભુ ! અમને આશ્ચર્ય અને ખેદ થાય છે કે શરીરાદિ પરદ્રવ્યથી તું પ્રત્યક્ષ ભિન્ન છો છતાં તેને મારું માને છો. અરે ! શું કરે છો પ્રભુ ! ચોરાશીના અવતારમાં રખડતાં માંડ મનુષ્યપણું મળ્યું ને આવો સત્ય સાંભળવાનો યોગ મળ્યો, હવે તો દેહથી ભિન્ન ચૈતન્યપ્રભુનો અનુભવ કર ! ૧૨૭.

*

આત્માના ગુણ ગાતાં ગાતાં ભગવાન થઈ જાય છે. કોઈ ક્રિયાકાંડ કરતાં કરતાં ભગવાન થવાતું નથી, પણ ગુણી એવા ભગવાનના ગુણ ગાતાં ગાતાં મહિમા કરતાં-કરતાં ભગવાન થઈ જાય છે. અનંત ગુણોનો મહિમા કરતાં કરતાં અનંતા જીવો કેવળી થઈ ગયા. અનંત ગુણરત્નોના ઓરડા ખુલ્લા થઈ ગયા. ભાઈ ! તું પામર નથી પણ ભગવાન છો, એના સ્વરૂપના ગુણ-ગાન કર. ૧૨૮.

*

પંચ પરમેષ્ઠીના પ્રેમ કરતાં આ શરીર ઉપર પણ જો પ્રેમ વધી જાય તો તે અનંતાનુબંધીનો લોભ છે. ૧૨૯.

*

જીવે પોતાના સહજ સુખસ્વરૂપ માટે એક ક્ષણ પણ ધીરો થઈને વિચાર કર્યો નથી. જો વિચાર કરે તો વસ્તુ બહુ જ સોંઘી ને સહેલી છે; પણ તીવ્ર જિજ્ઞાસા, ધગશ અને તાલાવેલી જોઈએ. આ સંસારનો રસ છૂટી જાય તો આત્મસ્વરૂપ જરૂર પ્રગટે. ૧૩૦.

*

સમયસાર–સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારનું માંગલિક કરતાં આચાર્યદેવ કહે છે કે આત્માનો દ્રવ્યસ્વભાવ શુદ્ધ શુદ્ધ છે એટલે કે ઘણો જ શુદ્ધ છે. કારણ કે પરદ્રવ્યથી ભિન્ન હોવાથી શુદ્ધ છે અને રાગથી પણ ભિન્ન હોવાથી શુદ્ધ છે. બંધ ને મોક્ષના વિકલ્પોથી દૂરીભૂત છે. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સમસ્ત પર્યાયોથી આત્મસ્વભાવ અત્યંત દૂર છે, ઘણો જ દૂર છે, તેથી આત્મસ્વભાવ શુદ્ધ શુદ્ધ છે. ૧૩૧.

*

ભાઈ! તું પરથી તો નવરો જ છો, તો પરથી નવરો જ છું એવી દૃષ્ટિ કરીને તારામાં તું બેસ. ચૌદ બ્રહ્માંડમાં જ્યાં બેઠો હો ત્યાં નવરો જ છો, તારે ને પરને કાંઈ જ સંબંધ નથી. જ્ઞેય–જ્ઞાયક સંબંધ પણ વ્યવહારથી છે, ખરેખર એ પણ નથી. ચૈતન્ય તો આખા જગતને ન ગણે એવો એ પ્રભુ છે તેને દૃષ્ટિમાં લે. આ કરવાનું છે. ૧૩૨.

*

આંખ છે તે પાણીને ગરમ કરે? રેતીને ઉપાડીને લાવે? ના, બસ માત્ર એ બધાને થાય તેમ જાણે જ છે. એમ આત્મા પણ ઉદયને. નિર્જરાને, બંધને, મોક્ષને થાય તેમ જાણે જ છે. આહાહા! અકર્તાપણું સિદ્ધ કરવા આંખના દૃષ્ટાંતથી કેવો ન્યાય સિદ્ધ કર્યો છે! ૧૩૩.

*

શ્રદ્ધા એવી હોય કે રાગને ઘટાડે, જ્ઞાન એવું હોય કે રાગને ઘટાડે, ચારિત્ર એવું હોય કે રાગને ઘટાડે. શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ક્રમબદ્ધની શ્રદ્ધા પણ એને કહેવાય કે જે રાગને ઘટાડે. ક્રમબદ્ધની શ્રદ્ધામાં અકર્તાપણું આવે છે. જે થાય તેને કરે શું? જે થાય તેને જાણે છે. જાણનાર રહેતાં, જ્ઞાતા રહેતાં, રાગ ટળતો જાય છે ને વીતરાગતા વધતી જાય છે. વીતરાગતા વધવી તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે. ૧૩૪.

*

દુનિયા દુનિયાનું જાણે. તું તારું કર. દુનિયા એના પરિણમન પ્રમાણે પરિણમશે, તારું પરિણમાવ્યું નહિ પરિણમે. ૧૩૫.

*

શ્રોતા :–જ્ઞાની દ્રવ્યદૃષ્ટિના જોરથી રાગને પુદ્‌ગલનો માને પણ જિજ્ઞાસુ રાગને પુદ્‌ગલનો માને તે બરાબર છે?

પૂજ્ય ગુરુદેવ :–જિજ્ઞાસુ પણ વસ્તુસ્વરૂપના ચિંતવન આદિમાં માને કે રાગ તે આત્માનો નથી, રાગ તે ઉપાધિભાવ છે, પર આશ્રયે ઉત્પન્ન થતો હોવાથી મારો નથી, પુદ્‌ગલનો છે એમ માને. ૧૩૬.

*

શ્રોતા :–સમ્યગ્દર્શન માટે ખાસ પ્રકારની પાત્રતાનું લક્ષણ શું?

પૂજ્ય ગુરુદેવ :–એને પોતાના આત્માનું હિત કરવા માટે અંદરથી ખરી ધગશ હોય, આત્માને પામવાની તાલાવેલી હોય, દરકાર હોય, ખરેખરી દરકાર હોય તે ક્યાંય અટક્યા વિના પોતાનું કામ કરે જ. ૧૩૭.

*

.. પાત્ર થવું કઠણ છે. વાતું કરતાં શીખી ગયો એટલે હું સમજી ગયો એમ માને તો એમ નથી. આ તો બાપુ, સમજવું બહુ દુષ્કર છે. કેટલી પાત્રતા...કેટલી સજ્જનતા...કેટલી લાયકાત હોય ત્યારે ઈ સમજવાને લાયક થાય. ૧૩૮.

*

ખરેખર તો બીજાને મારવાના ભાવમાં સામાને દુઃખ થશે એમ જાણવા સંબંધીના પોતાના જ્ઞાનનો જ એ ઘાત કરે છે, બીજાને દુઃખ થાય છે એ મારે જોવું નથી એ જાતના જ્ઞાનનો પ્રકાશ મને ન રહે એનું નામ હિંસા છે. જ્ઞાનપ્રકાશ મારે નથી રાખવો અને અંધારું કરી નાખવું છે એવા ભાવમાં પોતાના જ્ઞાનની હિંસા થાય છે એ જ પાપ છે. ૧૩૯.

*

બીજાની સાથે લડવું, જીતવું ને બીજાને બિચારાને પાછા પાડવા એ તો કાયરનું કામ છે. આત્મામાં ઉતરવું એ શૂરવીરતા છે. ૧૪૦.

*

અજ્ઞાનીની ભૂલ હોય તે જાણવી પણ તેથી તેનો તિરસ્કાર ન હોય. એ પણ ભગવાન આત્મા છે ને! ઈ બિચારા અજ્ઞાનથી દુઃખી છે, દુઃખમાં બળ્યા-જળ્યાનો તિરસ્કાર કરવો ઈ ધર્મીનું કામ નહિ. ૧૪૧.

*

ખરેખર તો આવો અવસર મળ્યો છે એમાં પોતે પોતાનું કરી લેવા જેવું છે. દુનિયાની આલોચના કરવા જશે તો પોતાનું ખોશે! પોતે પોતાની ભૂલ ટાળવાની છે. વસ્તુસ્વરૂપ સમજીને ભૂલ ટાળે તો ભગવાન થઈ જાય. ૧૪૨.

*

દરેક આત્મા ભગવાન સ્વરૂપ છે, પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ ચૈતન્ય રસકંદ છે. આહાહા! અત્યારે ચોમાસામાં તો લીલોતરી ઘાસ ઢગલાબંધ થયા છે. તેના ઉપર વિના કારણ પગ દઈને કચરીને ચાલવું તે ન હોય હો ભાઈ! એ એક ઝીણી કટકીમાં અસંખ્યાત જીવો છે તે બધાય ભગવાન સ્વરૂપ છે. ૧૪૩.

*

શ્રોતાઃ– જીવનો પર્યાય સ્વકાળે જ થાય તો તેમાં પુરુષાર્થ ક્યાં રહ્યો?

પૂજ્ય ગુરુદેવઃ– જીવનો પર્યાય સ્વકાળે સ્વતંત્ર પરિણમે છે અને એ ક્રમબદ્ધ જ છે એવો નિર્ણય કરે તે અકર્તા થાય અને અકર્તા થયો તે જ પુરુષાર્થ છે. અકર્તાપણું જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવના આશ્રયે થાય છે તેમાં અનંત પુરુષાર્થ આવે છે. ક્રમબદ્ધનો નિર્ણય સ્વભાવ સન્મુખના અનંત પુરુષાર્થ પૂર્વક જ થાય છે. ૧૪૪.

*

રાગનો અને સંયોગનો અંદર નિષેધ થાય છે તે શ્રદ્ધા–જ્ઞાનનો પર્યાય છે કે નહિ? કલાક, બે કલાક, ચાર કલાક આની આ વાત રગડાય છે, ઘુંટાય છે, વાંચનમાં, શ્રવણમાં, વિચારમાં, આ જ વાત આવ્યા કરે. ચોવીશે કલાક આ દેહના કામ તે મારાં નહિ, રાગના કામ તે મારાં નહિ એમ ઘુંટાયા કરે છે, એ શ્રદ્ધા–જ્ઞાનમાં કાંઈ આંતરો જ નથી પડ્યો? એ શું જ્ઞાનની ક્રિયા નથી? પણ બાહ્ય ક્રિયાકાંડના આગ્રહવાળાને અંતરના શ્રદ્ધા જ્ઞાનનું કાંઈ માહાત્મ્ય જ દેખાતું નથી. અરે ભાઈ! આ શ્રદ્ધા–જ્ઞાનનું કાર્ય અંદરમાં સમ્યક્ થતું જાય છે તે ક્રમે કરીને ફટાક વિકલ્પ તૂટીને નિર્વિકલ્પ સ્વાનુભવરૂપે થઈ જશે. ૧૪૫.

*

જે ઘરે ન જવું હોય તેને પણ જાણવું જોઈએ. એ ઘર પોતાનું નથી પણ બીજાનું છે તેમ જાણવું જોઈએ. તેમ પર્યાયનો આશ્રય કરવાનો નથી તેથી તેનું જ્ઞાન પણ નહિ કરે તો એકાન્ત થઈ જશે, પ્રમાણજ્ઞાન નહિ થાય. પર્યાયનો આશ્રય છોડવા યોગ્ય હોવા છતાં તેનું જેમ છે તેમ જ્ઞાન તો કરવું પડશે, તો જ નિશ્ચય-નયનું જ્ઞાન સાચું થશે. ૧૪૬.

*

શ્રોતા:- આત્મપ્રાપ્તિ પુરુષાર્થથી થાય છે કે કાળલબ્ધિથી થાય છે?

પૂજ્ય ગુરુદેવ:- આત્મપ્રાપ્તિ પુરુષાર્થથી થાય છે. કળશટીકામાં યત્ન સાધ્ય નથી, કાળલબ્ધિથી થાય એમ કહ્યું છે એ તો અર્ધપુદ્ગલ પરાવર્તનકાળ બાકી રહ્યો હોય ત્યારે જ આત્મપ્રાપ્તિ થાય એવો સિદ્ધાંત છે એ વાત ત્યાં સિદ્ધ કરવી છે. એને વિશ્વાસ આવી જવો જોઈએ કે મારો સ્વકાળ આવી જ ગયો છે. 'સબ અવસર' આવી ગયો છે એમ વિશ્વાસ આવી જવો જોઈએ. સંસારમાં તો તેને રુચતી વાત તરત જ કરીશ એમ કહે છે. જે વસ્તુ તેનાથી થઈ શકતી નથી એને તરત જ કરવા કહે છે તો જે વસ્તુ પોતાની જ છે, પોતાથી જ થઈ શકે છે, એ તરત જ કેમ ન થાય? એને શ્રદ્ધામાં રાખવું કે હું તો તરવાને પંથે જ જઈ રહ્યો છું, મારે એકાદ ભવ છે. જેમાં ભવ નથી એની દૃષ્ટિમાં ભવ હોય જ નહિ. ૧૪૭.

*

શ્રોતા:-કરોડપતિ અને અબજપતિને પુણ્યશાળી ગણવા કે આવા સાચા દેવ-ગુરુ-ધર્મ મળે તેને પુણ્યશાળી ગણવા?

પૂજ્ય ગુરુદેવ:-સાચા દેવ-ગુરુ-ધર્મનો યોગ મળે એ જ ખરા પુણ્યશાળી છે. કરોડપતિ-અબજપતિ પુણ્યશાળી નથી, ખરેખર તો પાપશાળી કહેવાય. જે પોતાના પરમાત્મતત્ત્વને અનુભવે તે જ શ્રેષ્ઠ છે અને પોતાના પરમાત્મતત્ત્વને અનુભવવાનુ કહેનાર સાચા દેવ-ગુરુનો યોગ મળવો એ જ ખરો પુણ્યોદય છે. ૧૪૮

*

એક બે ઘડી શરીરાદિ મૂર્તિકદ્રવ્યોનો પાડોશી થઈને જ્ઞાયકભાવનો અનુભવ કર. જેમ રાગ ને પુણ્યનો અનુભવ કરે છે એ તો અચેતનનો અનુભવ છે, ચેતનનો અનુભવ નથી. માટે એકવાર મરીને પણ, શરીરાદિનો પાડોશી થઈને, ઘડી બે ઘડી પણ જ્ઞાયકભાવનું લક્ષ કરીશ તો તુરત આત્મા ને રાગની ભિન્નતા થઈ જશે અને જેવું તારું આત્મસ્વરૂપ છે તેવો તને અનુભવ થશે. ૧૪૯.

*

અગ્નિનો ઉષ્ણ સ્વભાવ કાયમ છે, ગોળનો ગળપણ સ્વભાવ કાયમ છે, અફીણનો કડવાશ સ્વભાવ કાયમ છે, સૂર્યનો પ્રકાશ સ્વભાવ કાયમ છે, બરફનો શીતળ સ્વભાવ કાયમ છે, તેમ ભગવાન આત્માનો જ્ઞાયકસ્વભાવ—ચેતના સ્વભાવ કાયમ છે. જ્ઞાયક સ્વભાવી આત્મા સ્વપરને જાણવા દેખવા સિવાય બીજુ શું કરે ? ૧૫૦.

*

જીવ જિનવર છે ને જિનવર જીવ છે એવી દૃષ્ટિ થાય તેને પર્યાયબુદ્ધિ છૂટી જાય છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે કેટલાય ગઢ ઓળંગીને અંદરમાં જવાય છે. વ્યવહારમાં કેટલાય પ્રકારની લાયકાત હોય. સંસારભાવો જરાય રુચે નહિ, આત્મા...આત્મા...ની ધૂન લાગે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. ૧૫૧.

*

પાણી પીવાથી તૃષા મટે છે, ખોરાક ખાવાથી ભૂખ મટે છે, દવા પીવાથી રોગ મટે છે—એમ સંસારમાં બધી ચીજોનો વિશ્વાસ કરે છે. એ વિશ્વાસના બળે તે તે ચીજો મેળવવા લક્ષ જાય છે. તેમ આત્માનો વિશ્વાસ આવવો જોઈએ કે હું પોતે જ જ્ઞાનાનંદ સ્વરૂપ છું, હું પોતે જ પરમાત્મસ્વરૂપ છું ને રાગાદિ સ્વરૂપે નથી—એવું અંતરથી વિશ્વાસનું બળ આવવું જોઈએ. પોતાની પરમેશ્વરતાનો વિશ્વાસ...વિશ્વાસ...એ વિશ્વાસનું જોર એને અંતર્મુખ લઈ જાય છે. ૧૫૨.

*

જિજ્ઞાસુને પહેલાં એવો નિર્ણય હોય કે હું મોક્ષ પામવાને લાયક જ છું. શંકાને સ્થાન ન હોય. આયુષ્ય બંધાઈ ગયું હશે તો! એવી શંકાને સ્થાન ન હોય. મોળી-પાતળી વાત આત્માને માટે ન કરવી. અનંત ગુણોથી સમૃદ્ધ પોતે છે તેને જોવો, તું જ દેવાધિદેવ છો તેમ લેવું. ૧૫૩.

*

### * સૌ આત્માને શાંતિ શાંતિ...શાંતિ થાવ *

કોઈ જીવને દુઃખ થાય એ હોય નહિ, બધા જીવો પરમાનંદસ્વરૂપ છે. જ્ઞાનાનંદસ્વરૂપ પરમાત્મા છે. એના સ્વભાવમાં દુઃખ કયાં છે? ભાઈ! ઊંધી શ્રદ્ધા કરતાં પર્યાયમાં તને દુઃખ થશે. સત્યની પ્રરૂપણા કરતાં એ ન રુચે ને તને દુઃખ થાય એ અમે ઇચ્છીએ નહિ. માફ કરજે ભાઈ! આહાહા! આવો મારગ છે, કોઈ પણ જીવ એકેન્દ્રિયથી માંડીને તે જ ભવે સિદ્ધ થનાર બધાય જીવો પરમાનંદસ્વરૂપ આત્મા છે પછી કોનો અનાદર હોય! મને દુઃખ થાય તો એ ન ગમે તેમ બીજાને દુઃખ થાય એ પણ કેમ ઇચ્છીએ! ઊંધી શ્રદ્ધા-પ્રરૂપણા કરીને દુઃખી થાય એને કેમ અનુમોદાય? સાધુપણાની ભગવાને કહેલી સત્ય પ્રરૂપણા થતાં અઠાવીસ મૂળગુણ ચોકખા ન હોય ને છેદાય એને સાધુ કહેવાય નહિ, દ્રવ્યલિંગી પણ કહેવાય નહિ—એવી સત્ય પ્રરૂપણાથી કોઈને દુઃખ થાય એમ ન હો! ભાઈ! બાપુ! ઘાસનું તણખલું જરા વાગે તોપણ દુઃખ થાય તો મિથ્યાશ્રદ્ધાના કેટલા દુઃખ તને થાય! એ કેમ અનુમોદાય? સૌ આત્માને શાંતિ...શાંતિ.... શાંતિ...થાવ. અહીં અમારે તો કોઈનો વિરોધ નથી. કોઈ અમારો વિરોધ કરતું નથી. બધા આત્મા દ્રવ્યસ્વભાવે તો સાધર્મી છે. વિરોધતાનો ભાવ પોતાને નુકશાન કરે છે, બીજાને નહિ અને અવિરોધતાનો ભાવ પણ પોતાને લાભ કરે છે બીજાને નહિ. આહાહા આત્મા તો સર્વથી ઉદાસ....ઉદાસ...છે. ૧૫૪.

* * * * *

શુદ્ધિઃ- બોલ નં. ૩૯માં નીચેથી ત્રીજી લાઈનમાં 'હોય' ને બદલે 'હેય'સુધારીને વાંચવું.

[ મંગલ હૃદયોદ્ગાર...પેજ નં. ૨ થી ચાલુ ]

જ પ્રગટ કરવાની હોય ને? બીજું તો જીવને અનંત કાળમાં શું નથી મળ્યું? બધું મળી ચૂક્યું છે, બધું શ્રુત, પરિચિત ને અનુભૂત છે. એક ચૈતન્યના એકત્વની વાત સુલભ નથી, બીજું બધું સુલભ છે. જન્મમરણ કરતાં કરતાં વિભાવ સુલભ થઈ પડ્યો છે, ને 'એકત્વ' સ્વભાવ છે પોતાનો, તોપણ તે દુર્લભ થઈ પડ્યો છે. ગુરુદેવના પ્રતાપે સ્વભાવની વાર્તા ને સ્વભાવની અનુભૂતિ સુલભ થઈ છે. સ્વભાવની અનુભૂતિ કરવી તે પોતાના હાથની—પુરુષાર્થની વાત છે.

ગુરુદેવે અમૃતના ધોધ વરસાવ્યા. એમની અમૃતધારા ચારે કોર વરસી. ઝીણી ધારાએ નહિ પણ મુશળધાર વર્ષા વરસાવી. બધા એકદમ પાંગરી ઊઠે, બધાં અંતરનાં ઝાડપાન ખીલી ઊઠે એવી મુશળધારા વરસાવી; પણ પોતાની એટલી તૈયારી હોવી જોઈએ. અહા! પંચમ કાળમાં શ્રુતની આવી મુશળધાર વર્ષા! કોણ કહેનાર હતું—'મૂળ તત્ત્વ શુદ્ધાત્મા છે, તેને જો'? તે શુદ્ધાત્મા જ્ઞાનસ્વરૂપી, જ્ઞાનથી વણાયેલો છે; તેમાં અધૂરું જ્ઞાન નથી, અધૂરું દર્શન નથી, પણ તે પરિપૂર્ણ જ્ઞાન, દર્શન ને સંયમની—ચારિત્રની મૂર્તિ છે.

ચેતનદ્રવ્ય મિથ્યાત્વને લઈને વિપરીત પરિણમ્યું છે, પણ સ્વભાવે દર્શન-જ્ઞાન-સંયમની મૂર્તિ છે; તે પોતાનું આચરણ છોડીને વસ્તુતઃ પરમાં ગયું નથી, સંયમમય એનો સ્વભાવ છે. પર્યાયમાં ઊંધું થઈ ગયું છે તોપણ તે છે તો જ્ઞાન-મૂર્તિ, દર્શનમૂર્તિ, સંયમમૂર્તિ. જ્યાં વિકલ્પોની આકુળતા નથી એવું નિરાકુળ આનંદમૂર્તિ ચૈતન્ય—જ્ઞાનની મુદ્રા, સંયમની મુદ્રા, આનંદની મુદ્રા એવી આશ્ચર્યકારી અનુપમ મુદ્રાવાળું ચૈતન્ય—અનંત કાળથી બહારમાં અટવાઈ ગયેલ છે. ગુરુદેવ કહેતા હતા : ભાઈ! તું પાછો વળ, પાછો વળ; તારા ઘરમાં જા, તારા ઘરમાં જા. તારા ઘરમાં જ બધી રિદ્ધિસિદ્ધિ ભરેલી છે. બહારમાં ક્યાં ગોતે છે? જ્યાં અનંતા ગુણોથી ભરપૂર ચૈતન્યપ્રભુનો દરબાર છે ત્યાં—તારા ઘરમાં—જા ને. તે ગુણમૂર્તિ ચૈતન્યપ્રભુને જે ઓળખે તે ધન્ય છે.

ચૈતન્યદ્રવ્ય પર દૃષ્ટિ કરે તો બધી પર્યાયો (યથાસંભવ) શુદ્ધ પરિણમે, આખી દિશા બદલાઈ જાય. વિભાવની દિશા પર તરફ છે. દ્રવ્ય-સ્વભાવ તરફ દૃષ્ટિ જતાં પર્યાયમાં આખી દિશા બદલાય છે—શુદ્ધતારૂપ પરિણમન થાય છે. જેમ પશ્ચિમમાંથી પૂર્વ તરફ મુખ ફેરવે, તેમ દ્રવ્ય તરફ મુખ ફેરવતાં પર્યાયને પીઠ દેવાણી, દૃષ્ટિ ગઈ ભગવાન તરફ, નયન ભગવાનને નીરખવા લાગ્યાં, હાથ તે તરફ જોડાવા માંડ્યા, સાધકનાં પગલાં તે તરફ ભરાવા માંડ્યાં. એવા મંગલમય ભગવાનનાં દર્શનથી પર્યાયમાં મંગલ પ્રભા પ્રસરી. અંતરમાં એવા જ્ઞાયકદેવને બતાવનાર ગુરુદેવ પોતે મંગલમય હતા. એમની મંગલ પ્રભાથી ભરતક્ષેત્ર શોભાયમાન હતું. હજુ પણ એમની મંગલ પ્રભા છવાયેલી છે.

—०—

શાસ્ત્રવાંચન...વિચાર...શ્રવણ...મનન કરીને સંસ્કાર દૃઢ કરતા મુમુક્ષુ

## સમ્યગ્દર્શન પામશે ....પામશે....જ

પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ આશીર્વાદ

મીઠાં મધુરાં આવા શાસ્ત્રો છે, એને વાંચવાનો વખત લ્યે, એને વાંચે, વિચારે ને સંસ્કાર તો નાખે! ભલે આ ભવે સમ્યગ્દર્શન ન થાય, પણ એના સંસ્કાર નાખીને પુણ્યબંધ કરે તો પણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યપણામાં જાય. બે–ચાર પાંચ કલાક વાંચન વિચાર મંથન કરે કે રાગથી ભિન્ન આત્મતત્ત્વ શું ચીજ છે? એમ રાગથી ભિન્ન પડવાના સમ્યક્ સંસ્કાર નાખે અને ભિન્ન પડવાનાં ભાવમાં પુણ્ય પણ સાથે છે તેથી તે જીવ ભલે આ ભવે સમ્યગ્દર્શન ન પામે તો પણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યભવમાં જઈને ત્યાં સમ્યગ્દર્શન પામશે, પામશે જ—એમ અહીં વાત છે, ન પામે એ વાત છે જ નહિ. અહીં તો પામશે જ—એ એક જ વાત છે, અપ્રતિહતની વાત છે, કેમ કે દરરોજ બે-ચાર કલાક આવી વાત સાંભળીને–વાંચીને એણે અંદર એવા સંસ્કાર નાખ્યા છે કે આ રાગ તે હું નહિ, આ તે હું નહીં, પણ અંદર ચિદાનંદ ભગવાન તે હું—એમ સંસ્કાર નાખ્યા છે. જેમ માટીનું નવું માટલું હોય તેમાં પાણીનું ટીપું પડે તે ચૂસાઈ જાય પણ ચૂસાઈ જવા છતાં વધતાં વધતાં ઉપર આવે છે, તેમ ત્રણે કાળે ને ત્રણે લોકમાં રાગથી ભિન્ન છું, પુણ્યના પરિણામને ને મારે કાંઈ સંબંધ નથી એવા જ્ઞાનના આત્મામાં સંસ્કાર પાડે તો પણ એ આગળ વધીને કાં તો સ્વર્ગમાં જઈને કાં તો મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે ત્યાં મનુષ્યપણે જન્મીને પોતાના આત્મકલ્યાણને–સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી લેશે જ. આવા માર્ગના જેને અંદરમાં સંસ્કાર બેસશે તેને પુણ્ય પણ ઘણું થઈ જાય, એવા જીવોને કાં તો સારું મનુષ્યપણુ મળે કે જ્યાં–મહાવિદેહમાં ભગવાનનો યોગ હોય ને કાં તો સ્વર્ગમાં જાય ને પછી ભગવાન પાસે જાય. માટે શાસ્ત્રવાંચન-વિચાર-શ્રવણ-મનન કરવું ને આ સંસ્કાર નાખવા. —પૂજ્ય ગુરુદેવશ્રી

સંપાદક : નાગરદાસ બી. મોદી, સોનગઢ તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
મુદ્રક : સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, સોનગઢ (કાનજીસ્વામીનું) PIN–364 250
પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (કાનજીસ્વામીનું)